CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૮૦
તા.૧૯-૧૧-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૬ સૂર્યાસ્ત : ૦૫:૫૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૮.૦ | વડોદરા | ૧૫.૦ |
| અમદાવાદ | ૧૬.૧ | સુરત | ૧૯.૪ |
| ગાંધીનગર | ૧૬.૦ | નલિયા | ૧૦.૬ |

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ભાજપના ઉમેદવારોની બીજી યાદી જાહેર

## બીજી યાદી જાહેર કરવામાં આવ્યા બાદ અનેક જગ્યાઓએ ઉજવણી કરાઈ નરોડાથી બલરામ ખુબચંદને ટિકિટ : ૩૬ ઉમેદવારોની યાદી જાહેર

### ભાજપની બીજી યાદી...

| | |
|---|---|
| ભુજ | નિમાબેન આચાર્ય |
| ગાંધીધામ | માલતીબેન કે મહેશ્વરી |
| દાંતા | માલજીભાઈ કોદરવી |
| કાંકરેજ | કિર્તીસિંહ વાઘેલા |
| પ્રાંતિજ | ગજેન્દ્રસિંહ પરમાર |
| વટવા | પ્રદીપસિંહ જાડેજા |
| નિકોલ | જગદીશભાઈ પંચાલ |
| નરોડા | બલરામ ખુબચંદ્ર થાવાણી |
| જમાલપુર | ખાડીયો ભુષણભાઈ ભટ્ટ |
| ચોટીલા | જીણાભાઈ નાજાભાઈ ડેડવારિયા |
| ટંકારા | રાઘવજીભાઈ ગડારા |
| વાંકાનેર | જીતુભાઈ ડાયાભાઈ સોમાણી |
| ગોંડલ | ગીતાબા જયરાજભાઈ જાડેજા |
| ધોરાજી | હરીભાઈ પટેલ |
| કાલાવડ | મુલજીભાઈ ડાયાભાઈ ઘૈયાડા |
| પોરબંદર | બાબુભાઈ બોખરીયા |
| કુતિયાણા | લખમણભાઈભીમાભાઈ ઓડેદરા |

નવી દિલ્હી-અમદાવાદ, ભાજપે આજે ગુજરાત વિધાનસભા ચુંટણી માટે પોતાના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. બીજી યાદી જાહેર કરવામાં આવ્યા બાદ અનેક જગ્યાઓએ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ધારણા પ્રમાણે જ જમાલપુર-ખાડિયામાંથી ભુષણ ભટ્ટ ને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે નિકોલમાંથી જગદીશભાઈ પંચાલને ટિકિટ આપવામાં આવી છે. આવીજ રીતે વટવામાંથી પ્રદિપસિંહ જાડેજાને ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત સુરત પૂર્વમાંથી અરવિંદભાઈ શાંન્તીલાલ રાણાને ટિકિટ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપે ૧૭મી નવેમ્બરના દિવસે ગુ-જરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરી દીધી હતી. એમ માનવામાં આવી રહ્યું

અનુસંધાન પાના નં.૬

### ભાજપની બીજી યાદી...

| | |
|---|---|
| માણાવદર | નિતિનભાઈ વાલજીભાઈ ફલદુ |
| ઉના | હરીભાઈ બોધાભાઈ સોલંકી |
| લાઠી | ગોપાલભાઈ વસ્તરપરા |
| ખંભાત | મયુરભાઈ રાવલ |
| આંકલાવ | હંસાકુંબરબા રાજ |
| માતર | કેસરીસિંહ સોલંકી |
| સંતરામપુર | કુબેરસિંહ ડિંડોર |
| મોરવા હડફ | વિક્રમસિંહ રામસિંહ ડિંડોર |
| ફતેપુરા | રમેશભાઈ ભુરાભાઈ કટારા |
| ઝાલોદ | મહેશભાઈ સોમજીભાઈ ભુરીયા |
| દાહોદ | કનૈયાલાલ બચુભાઈ કિશોરી |
| ગરબાડા | મહેન્દ્રભાઈ ભાભોર |
| સંખેડા | અભેસિંહ મોતીસિંહ તડવી |
| ડભોઈ | શૈલેશભાઈ મહેતા |
| માંડવી | પ્રવિણભાઈ મેરજીભાઈ ચૌધરી |
| સૂરતપૂર્વ | અરવિંદભાઈ શાન્તીલાલ રાણા |
| ગણદેવી | નરેશભાઈ મગનભાઈ પટેલ |
| ધરમપુર | અરવિંદભાઈ પટેલ |
| કપરાડા | માધુભાઈ બાપુભાઈ રાઉત |

### કાંકરેજ વિધાનસભા બેઠક ઉપર ભાજપમાંથી કિર્તીસિંહ વાઘેલાની પુનઃ પસંદગી

ગઈકાલે ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી



યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની કાકરેજ બેઠક ઉપર કિર્તીસિંહ વાઘેલાની ફરીથી પસંદગી કરવામાં આવી છે. કિર્તીસિંહ વાઘેલા ગત ૨૦૧૨ માં ભાજપ તરફે વિધાનસભા ચૂંટણી લડ્યા હતા. જેમાં તેઓ કોંગ્રેસના ઉમેદવાર ધારસિંહભાઈ ખાનપુરા સામે માત્ર ૬૦૦ વોટથી હાર્યા હતા.

અનુસંધાન પાના નં.૬

### દાંતા વિધાનસભા ઉપર ભાજપે નવા યુવાન ચહેરાની પસંદગી કરી



ભારતીય જનતા પાર્ટી દ્વારા ગઈકાલે વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. જેમાં આદીવાસી બેઠક ગણાતી દાંતા બેઠક ઉપર નવા યુવાન ચહેરાની પસંદગી કરી સૌને ચોંકાવી દીધા છે. દાંતા બેઠક ઉપર માલજીભાઈ કોદરાવીની પસંદગી કરાઈ છે. જાણવા મળ્યા મુજબ તેઓ સરસ્વતી તાલુકામાં મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા. બે દિવસ અગાઉ જ તેમને રાજીનામુ આપ્યુ હતું.

### વિચાર વૈભવ...

**ગેરસમજ**

આપણે જો કોઈની નિંદા સાંભળીએ, તો એમ સમજવું કે કાંઈક ગેરસમજ થઈ છે. સગા કાનનો યે ભરોસો ન કરવો. કહેવા- સાંભળવામાં કેટલીયે ભૂલો થઈ જતી હોય છે. એક જણ એક ભાવનાથી બોલે છે, ને બીજો અન્ય ભાવનાથી સાંભળે છે. એટલે જ્યારે ગેરસમજ થાય ત્યારે પોતાના માનસિક તર્કનો અવિશ્વાસ કરવો જોઈએ, અને સામી વ્યક્તિ તેનો જે અર્થ કરે તેને જ ખરો માનવો જોઈએ; એ પોતે જે કહે તે જ શ્રેષ્ઠ સાબિતી. માણસ પોતાના દોશ કહેવા માંડે ત્યારે સાંભળવા, કારણ કે તેથી દોષ ધોવાય છે; પણ તેથી એમ ન માનવું કે એ કહે છે તેવા દોષ તેનામાં છે જ. પણ એમ માનવું કે એવા દોષનો આભાસ તેને થયો છે તો, ચાલો, એનું નિરાકરણ કરવામાં મદદરૂપ થઈએ.

- વિનોબા ભાવે

### સાર સમાચાર...

**મોદી મનમોહનસિંહ કરતા સારા પીએમ પુરવાર થયા**

નવી દિલ્હી

સોશિયલ મિડિયા પર રહેલા લોકોની મોટી સંખ્યા નક્કર પણે માને છે કે ભારતની મુડીજ રેટિંગમાં સુધારો થયા બાદ સ્પષ્ટ થઈ ગયુ છે કે દેશની અર્થવ્યવસ્થાને મેનેજ કરવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના પૂર્વ સમકક્ષ મનમોહનસિંહ કરતા વધારે સારા સાબિત થયા છે. ઈન્ટરનેશનલ રેટિંગ એજન્સી મુડીજ ઈન્વેસ્ટર્સ સર્વિસે ભારતના સોવરન બોન્ડ રેટિંગને આશરે ૧૪ વર્ષ બાદ સુધારીને પ્રથમ વખત અપગ્રેડ કરતા તમામ લોકો માની રહ્યા છે કે મોદી વધારે સારા વડાપ્રધાન પુરવાર થઈ રહ્યા છે. એજન્સીએ મોદીની સરકારના આર્થિક સુધારાની નોંધ લીધી છે. સુધારાને રજૂ કરીને કહેવામાં આવ્યુ છે કે આના કારણે આર્થિક સુધારાને તેજી મળશે. રેટિંગ એજન્સીએ કહ્યુ છે કે આર્થિક વિકાસ દર વધવાની સાથે સાથે લોન અથવા તો દેવાના બોજને ઘટાડી દેવામાં મદદ મળશે. મુડીજે છેલ્લે ભારતના રેટિગમાં સુધારો અટલ બિહારી વાજપેયીની સરકાર દ્દના ગાળામાં કર્યો હતો. ત્યારબાદ મનમોહનસિંહ બે વખત દેશના વડાપ્રધાન બન્યા હતા.

## જમ્મુ કાશ્મીર : પાંચ ખુંખાર આતંકવાદીઓને ઠાર કરાયા

### ભારતીય સેનાને વધુ એક મોટી સફળતા હાથ લાગી

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં બાંદીપોરાના હાજીન ક્ષેત્રમાં આજે સેના અને સુરક્ષા દળોને સંયુક્ત ઓપરેશનમાં વધુ મોટી સફળતા હાથ લાગી હતી. ચોક્કસ બાતમી મળ્યા બાદ સેના અને સુરક્ષા દળોએ હાથ ધરેલા સર્ચ ઓપરેશન દરમિયાન ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણમાં સેનાએ પાંચ ખુંખાર ત્રાસવાદીઓને ઠાર કરી દીધા હતા. ઠાર કરી દેવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં અન્ય ત્રાસવાદીઓ પણ ગુપ્ત સ્થળે હાલમાં છુપાયેલા હોવાના હેવાલ મળ્યા છે. જો કે સેના તેમની સામે પણ કાર્યવાહી કરવા માટે તૈયાર છે. ભીષણ અથડામણમાં ભારતીય વાયુ સેનાના ગરુડ કમાન્ડો શહીદ થયો હતો. અન્ય બે જવાન ઘાયલ પણ થયા હતા. મળેલી માહિતી મુજબ ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની માહિતી હાથ લાગી હતી. ત્યારબાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. હાજીન વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ હતુ ત્યારે છુપાયેલા ત્રાસવાદીઓએ સેના પર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ પાંચ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ઓપરેશનમાં રાષ્ટ્રીય રાઈફલના જવાનો જોડાયા હતા. રાષ્ટ્રીય રાઈફલની ૧૩મી બટાલિયન, જમ્મુ કાશ્મીર પોલીસ અને સીઆરપીએફના જવાનો સામેલ થયા હતા.

### હિમાચલ, કાશ્મીર, ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષા : તીવ્ર ઠંડીનુ મોજુ

મુંબઈ

હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં સતત હિમવર્ષા જારી રહી છે જેથી મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયુ છે. આ રાજયોમાં પ્રવાસમાં ગયેલા લોકો હવે તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હિમવર્ષા અને વરસાદના કારણે વાતાવરણની સ્થિતી પણ બદલાઈ રહી છે. પહાડી વિસ્તારોમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ભારે હિમવર્ષાના કારણે શ્રીનગર-લેહ અને ગુરેજ રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે.

## પાસ કન્વીનર અમરીષ અને કેતન પટેલ ભાજપમાં સામેલ

### હાર્દિક પટેલ અને પાસને મોટો ફટકો પડ્યો

અમદાવાદ

પાસના કન્વીનર અને રાજદ્રોહના કેસમાં જેમનું નામ ખૂબ ચગ્યુ હતું તે અમરીષ પટેલ અને કેતન પટેલ આજે વિધિવત્ રીતે ભારતીય જનતા પક્ષ(ભાજપ)માં જોડાઈ ગયા હતા. આ બંને આગેવાનો સાથે પાસના મહિલા અગ્રણી શ્વેતાબહેન પટેલ પણ ભાજપમાં જોડાયા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ પાસના ત્રણેય અગ્રણીઓને ભાજપનો ભગવો ખેસ પહેરાવી તેમનું ભાજપમાં સ્વાગત કર્યું હતુ અને તેમને ઉમળકાભેર આવકાર આપ્યો હતો.

ભાજપમાં જોડાયા બાદ અમરીષભાઈ પટેલે જણાવ્યું હતું કે, અનામત આંદોલનની શરૂઆતથી પાસમાં જોડાયેલો હતો. અમે લોકોએ અનામત માટે આંદોલન કર્યું હતુ પરંતુ અત્યારે હાર્દિકની આગેવાનીમાં આંદોલને દિશા બદલી છે. હાર્દિક મૂળ અને મુખ્ય મુદ્દાથી ભટકી ગયો છે.

## મુખ્યમંત્રી રૂપાણી વિજય મૂર્હુતમાં ઉમેદવારી પત્ર ભરશે

### ચૂંટણી પ્રભારી અરૂણ જેટલી ૨૦મીએ હાજર હશે

અમદાવાદ

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાજકોટ પશ્ચિમની બેઠક માટે તા.૨૦મી નવેમ્બરે વિજયી મૂર્હુતમાં પોતાનું ઉમેદવારીપત્ર ભરવા જવાના છે. આ પ્રસંગે કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી સહિતના ભાજપના નેતાઓ, આગેવાનો સહિતના મહાનુભાવો પણ તેમની સાથે ખાસ ઉપસ્થિત રહેશે. આ દિવસે સાંજે અરૂણ જેટલી અમદાવાદમાં કર્ણાવતી કલબના ગોલ્ડન ગ્લોરી હોલ ખાતે બુધ્ધિજીવીઓ સાથે ખાસ બેઠક યોજી સંવાદ કરશે. આ અંગે ભાજપના પ્રદેશ પ્રવકતા ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય નેતા, ગુજરાતના ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી

અનુસંધાન પાના નં.૬

## અરૂણાચલ : ભારત-ચીન સરહદ ઉપર પ્રચંડ ભૂકંપથી અફડાતફડી

### ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૪થી પણ વધુ નોંધાઈ

નવી દિલ્હી

અરૂણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર આજે વહેલી પરોઢે ભૂકંપનો પ્રચંડ આંચકો આવ્યો હતો. જેના કારણે લોકો વ્યાપક દહેશતમાં મુકાઈ ગયા હતા. વહેલી પરોઢે ૪.૦૪ વાગે આવેલા આ શક્તિશાળી ભૂકંપના કારણે હાલમાં જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી પરંતુ દેશના ઉત્તરપૂર્વીય રાજ્યો હચમચી ઉઠ્યા હતા. આસામ, નાગાલેન્ડ અને ત્રિપુરા જેવા ભારતીય રાજ્યોમાં પ્રચંડ આંચકાનો અનુભવ થયો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૪થી પણ વધુ આંકવામાં આવી છે. ભૂકંપના કારણે કોઈ જગ્યાએ નુકસાન થયુ છે કે કેમ તેની ખાતરી કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ભૂકંપનુ કેન્દ્ર ભારત- ચીન સરહદ પર હોવાના કારણે અનેક રાજ્યો હચમચી ઉઠ્યા હતા. સુરક્ષાની દ્રષ્ટિએ પણ તપાસ કરવામાં આવી રહી છે. ભારતીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે આંચકો સવારે ૪.૦૪ વાગ્યાની આસપાસ આવ્યો હતો.

### ગતકડું....

- દેવન વ્યાસ



આપણે પણ કોઈ લોભ - લાલચ વિના ગુપ્ત મતદાન કરશું...દોસ્ત...!!

## આઈ.કે. જાડેજાને ટિકિટ નહીં મળતા કાર્યકરોમાં ભારે રોષ

### સેંકડો કાર્યકરો કમલમ્ કાર્યાલય ખાતે પહોંચ્યા

અમદાવાદ



ભાજપ દ્વારા ગુ-જરાત વિધાનસભાની ચૂંટણીને લઈ તેના પ્રથમ તબક્કાની ઉમેદવારોની યાદી ગઈકાલે જાહેર કરાયા બાદ રાજયમાં કેટલાક સ્થળોએ બળવા અને વિરોધના સૂર ઉઠયા છે. જેમાં વઢવાણ બેઠક પરથી ભાજપના સિનિયર નેતા અને પ્રવકતાથી લઈ મંત્રીપદ સુધીની પક્ષમાં મહત્વની જવાબદારીઓ સંભાળનાર આઈ.કે.જાડેજાને ટિકિટ નહી અપાતાં તેમના હજારો સમર્થકો અને ભાજપના સ્થાનિક કાર્યકરોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ ગઈ હતી.

અનુસંધાન પાના નં.૬

## કોંગી નેતા સિંધીયા લાજવાને બદલે ગાજી રહ્યા છે : ભાજપ

અમદાવાદ

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાને અવરોધનાર કોંગ્રેસ અને તેના નેતા જયોતિરાદિત્ય સિંધિયાએ ગુજરાતમાં લાજવાને બદલે ગાજવાનું કામ કર્યું છે, જે નિંદનીય છે. સંસદની અંદર ગુજરાતના વિકાસની યોજનાઓનો વિરોધ કરવો અને ગુજરાતમાં આવી યુવાનો અને પ્રજાને ગુમરાહ કરવાનો પ્રયાસ કરવો પરંતુ કોંગી નેતાઓના આવા પ્રયાસોથી ગુજરાતની પ્રજા ભરમાશે નહી. ગુજરાતના વિકાસનો વિરોધ કરનાર કોંગ્રેસને આગામી ચૂંટણીમાં પ્રજા જવાબ આપશે અને તેને પરાસ્ત કરશે એમ આજે ભાજપના પ્રદેશ પ્રવકતા ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું.




CMYK

સૂર્યોદય - ૬.૫૬ સૂર્યાસ્ત - ૫.૫૪

## તિથિદર્શન

માગસર સુદ-૧ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :એકમ રવિવાર નક્ષત્રઃ જયેષ્ઠા યોગ : શુલ કરણઃ ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### વિષ ભારસસ્ત્રેણ ગર્વ
### નાયાતિ વાસુકિઃ
### વૃશ્ચિકો બિંદુ માત્રેણ
### પ્રોર્ધ્વ વહતિ કંટકમ

'શેષનાગના મુખમાં હજાર ગણો ઝેરનો ભાર હોવા છતાં તેનું તેને અભિમાન નથી અને નમ્રતાથી નીચો નમીને જ ચાલે છે. જ્યારે વીંછી પાસે તો માત્ર એક બુંદ જેટલું જ ઝેર હોવા છતાં પોતાનો કાંટો ઊંચો રાખી અભિમાનથી ચાલે છે.'

અભિમાન, છીછરા- અધીર- અજ્ઞાની પાસે થોડું જ્ઞાન- થોડી સત્તા કે થોડી સમૃદ્ધિ આવે તો તેનું અભિમાન- આછકલાઈમાં કૂદી ઉઠે છે. ધૈર્યથી નમ્ર રહી શકતા નથી. બેફામ બની જાય છે. કહેવત છે કે અધ જલ ગગરી છલકત જાય. અધૂરો ઘડો વધારે છલકાય છે.

ખરેખર જે જ્ઞાની- પંડિત- વિદ્વાન હોય છે તે સત્ય સમજતા હોવા છતાં, કોઈ સાચા ભાવથી સલાહ કે પ્રશ્ન પૂછે તો જ બોલે, જવાબ આપે છે, પણ અધૂરા અને અજ્ઞાની લોકો પૂછ્યા વિના દરેકને- દરેક વાતમાં પોતાનો અભિપ્રાય તો આપે જ સાથે સલાહ- સૂચન અને માર્ગદર્શન પણ આપે છે. અહીં આ વાત સમજાવવા શેષનાગ અને વીંછીનું સરસ ઉદાહરણ આપવામાં આવ્યું છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ગૃહવિવાદ ટાળવો. મહત્વની કામગીરીમાં વિલંબ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) પ્રિયજન સાથે મિલન- મુલાકાત સફળ નીવડે. લાભની તક સાંપડે.**
**મિથુન : (ક.છ.ઘ.)ધીરજની કસોટી થાય. મહેનતનું ધાર્યું ફળ ન મળે.**
**કર્ક : (ડ.હ.) વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. માનસિક અશાંતિ અનુભવાય.**
**સિંહ : (મ.ટ.) આરોગ્ય અંગે ચિંતા અનુભવાય. નાણાંભીડ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) આકસ્મિક લાભ મળે. મનની મુરાદ બર ન આવે.**
**તુલા : (ર.ત.) લાભની તક સાંપડે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) નાણાંકીય ચિંતા હળવી બને. ધીરજના ફળ મીઠા મળે.**
**ધન : (ભ.ફ.ધ.)જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાનો ખર્ચનો પ્રસંગ બને.**
**મકર : (ખ.જ.)મિત્રોની મદદ મળે. વ્યવસાયિક કાર્યમાં સફળતા રહે.**
**કુંભ : (ગ.શ.સ.) પુરૂષાર્થનું પૂરૂં ફળ મળે. નાણાંભીડ અનુભવાય.**
**મીન : (દ.ચ.જ.થ.)વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. કૌટુંબિક વિસંવાદિતતા સર્જાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

સિધ્ધહસ્ત નાટયલેખક, પત્રકાર, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક ઉપરાંત ગુજરાતી રંગભૂમિના મૂર્ધન્ય છે. દિગ્દર્શક શ્રી જયંતિ દલાલની જન્મજયંતી છે.

એમનો જન્મ અમદાવાદમાં ૧૮-૧૧-૧૯૦૯ના રોજ થયો હતો. એમને રંગભૂમિના સંસ્કાર તો વારસામાં મળેલા. સ્વાતંત્ર્યની લડતમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. 'ગતિ','સાપ્તાહિક રેખા'માસિક પત્રો તેમણે સંભાળેલા કેટલી વિશ્વવિખ્યાત સાહિત્ય કૃતિઓનો એમણે અનુવાદ કર્યો હતો જેવી કે ટોલ્સ્ટોય કૃત 'યૃધ્ધ અને શાંતિ' એમનું તા.૨૪-૮-૧૯૭૦ ના રોજ અવસાન થયુ.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનહિત કારી પાર્ટી ૧૦૦ ઉમેદવાર ઉભા રાખશે

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ કોંગ્રેસ ઉપરાંત અન્ય નાના - મોટા રાજકીય પાર્ટીઓ ચૂંટણી જંગમાં મેદાને ઉતરી છે. ત્યારે ગઈકાલે ભારતીય જનતા હિતકારી પક્ષએ પોતાની દાવેદારી વિધાનસભા જંગમાં નોંધાવી છે. અને સમગ્ર રાજ્યમાં ૧૦૦ થી વધુ ઉમેદવારો "ભારતીય જન હિતકારી" પાર્ટી ઉતારશે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમરસિંહ ચૌધરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અમારી પાર્ટીનો મહત્વનો ચૂંટણી ઢંઢેરો એ કૃષિલક્ષી, યુવાન લક્ષી, મહીલા લક્ષી રહેશે જેમાં કિસાનોની દેવા માફી, બેરોજગાર યુવાનોને રોજગારી તેમજ મહીલાઓની સુરક્ષા એ પ્રથમ રહેશે.

અનામત મુદ્દે પુછતા એક પ્રશ્નના ઉત્તરમાં અમરસિંહ ચૌધરીએ જણાવ્યું હતું કે પાર્ટીદારોને બંધારણીય જોગવાઈ મુજબ મળવા પાત્ર અનામત હોયતો આપવી જોઈએ નહીતો એ અનામત નાબુદ કરવી જોઈએ તોજ રાજ્યમાં પ્રત્યેક સમાજમાં સમાનતા જળવાઈ રહેશે. તેમ પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ હતું. સાથે સાથે વર્તમાન ભાજપ સરકાર પર પ્રહાર કરતા અમરસિંહે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર પોતે જનતાને કરેલા વાયદામાં નિષ્ફળ સાબિત થઈ છે. ત્યારે નોટબંધી અને જીએસટી ના આડેધડ નિર્ણયો ને કારણે મતદારોની અને દેશની જનતાની લાગણી દુભાઈ હોવાનું જણાવ્યું હતું.

વિધાનસભાની ચૂંટણીમાં ઉભા રહેનાર ઉમેદવારો અંગે પુછતા પ્રશ્નમાં તેમણે જણાવ્યું હતું કે, અમારી જન હિત-કારી પાર્ટીમાં ૧૦૦ થી વધુ ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતારીશું જેમાં ૨૫ મહિલા ઉમેદવારોને પાર્ટી ટીકીટ આપશે. અને તેમાં ૩૦ ટકા એસ.ટી.એસ.સી. કેટેગરીના મહિલા ઉમેદવારોને પાર્ટી પ્રાધાન્ય આપશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે પાર્ટીના આગેવાન કે.પી.પાલીવાળ અને કમલ વર્મા એ ઉપસ્થિત રહી પક્ષ અંગે વધુ માહિતી આપી.

# ચૂંટણીપંચની હાઈકોર્ટને ખાતરી, ખામીયુક્ત વીવીપેટનો ઉપયોગ નહિં થાય

અમદાવાદ

વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ખામીયુક્ત વીવીપેટના મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે હાઈકોર્ટ સમક્ષ પિટિશન કરી છે. આ પિટિશનની સુનાવણી દરમિયાન ચૂંટણી પંચ દ્વારા હાઈકોર્ટને ખાતરી આપવામાં આવી હતી કે,ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં કોઇ પણ ખામીયુક્ત વીવીપેટ કે ઈવીએમનો ઉપયોગ નહીં કરવામાં આવે. જ્યારે અરજદાર કોંગ્રેસ તરફથી એવી માંગ કરાઇ હતી કે,જૂના ઈવીએમમાં ચેડાં થવાની શકયતા હોવાથી તેની જગ્યાએ નવા ઈવીએમનો જ ઉપયોગ કરવામાં આવે. બંને પક્ષોની દલીલો બાદ હાઈકોર્ટની ખંડપીઠે આ કેસની વધુ સુનાવણી ૨૨મી નવેમ્બરે મુકરર કરી છે.

આ કેસની સુનાવણી દરમિયાન ચૂંટણીપંચ દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે,તેમના દ્વારા જે પ્રાથમિક તપાસ હાથ ધરાઇ છે, તેમાં ૪૦૬૬ વીવીપેટ અને ૩૦૫૦ જેટલા બેલેટ યુનિટ્સમાં ખામી જણાઇ આવી હતી. તેથી તેમને તાત્કાલીક રિપ્લેસ કરી દેવામાં આવ્યા છે. ત્યારે સ્પષ્ટ થાય છે કે કોઇ ખામીયુક્ત વીવીપેટ કે અન્ય મશીનનો ઉપયોગ ચૂંટણીમાં થશે જ નહીં.

આ સમગ્ર મામલે થયેલી રિટમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે,રાજ્યમાં તટસ્થ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે. વિધાનસભાની ચૂંટણીમાં પહેલીવાર વીવીપેટનો ઉપયોગ થવા જઇ રહ્યો છે. તેવા ખુદ ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી ટ્રાયલમાં ૩૫૦૦ વીવીપેટ મશીનમાં ખામી નીકળી હતી અને તેવી મશીનો રદ કરાઇ હતી. બે તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે ૭૦૧૮૨ વીવીપેટનો ઉપયોગ થવા જઇ રહ્યો છે. ત્યારે ૪૬૦૦૦ મશીનો બેંગલુરુ સ્થિત ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.(ઈસીઆઈએલ) તથા હૈદરાબાદ સ્થિત ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(બીઈએલ)થી લેવામાં આવી છે. બાકીની મશીનો અન્ય રાજ્યો પાસેથી મંગાવવામાં આવી છે.

## ડીસા રેલ્વે સ્ટેશન સમયપત્રક

| ટ્રેન નંબર | ક્યાંથી | ક્યાં સુધી | આવવાનો સમય | ઉપડવાનો સમય |
|---|---|---|---|---|
| ૧૯૧૫૨ દરરોજ | ગાંધીધામ | પાલનપુર | ૧૦:૪૫ | ૧૦:૪૭ |
| ૧૯૧૫૧ દરરોજ | પાલનપુર | ગાંધીધામ | ૧૬:૧૬ | ૧૬:૨૦ |
| ૫૯૪૨૫ દરરોજ | ભુજ | પાલનપુર | ૧૪:૨૩ | ૧૪:૨૫ |
| ૫૯૪૨૬ દરરોજ | પાલનપુર | ભુજ | ૧૩:૫૮ | ૧૪:૦૦ |
| ૧૪૩૨૨ રવિવાર,બુધવાર,શુક્રવાર,શનિવાર | ભુજ | બરેલી | ૨૨:૨૪ | ૨૨:૨૬ |
| ૧૨૯૬૦ સોમવાર, ગુરૂવાર | ભુજ | દાદર | ૨૩:૪૭ | ૨૩:૪૯ |
| ૧૨૯૫૯ બુધવાર, શનિવાર | દાદર | ભુજ | ૧૧:૩૮ | ૧૧:૪૦ |
| ૧૪૮૩૭ દરરોજ | જોધપુર | પાલનપુર | ૦૩:૦૭ | ૦૩:૧૨ |
| ૧૪૮૩૮ દરરોજ | પાલનપુર | જોધપુર | ૦૪:૪૪ | ૦૪:૪૬ |
| ૧૪૮૦૬ શુક્રવાર | બાડમેર | યસવન્તપુર | ૦૯:૧૯ | ૦૯:૨૧ |
| ૧૪૮૦૫ બુધવાર | યસવન્તપુર | બાડમેર | ૦૦:૧૮ | ૦૦:૩૫ |
| ૧૪૮૦૩ શુક્રવાર | ભગતનીકોઠી | અમદાવાદ | ૧૫:૪૭ | ૧૫:૪૯ |
| ૧૪૮૦૪ શનિવાર | અમદાવાદ | ભગતની કોઠી | ૦૦:૫૩ | ૦૦:૫૫ |
| ૧૪૩૨૧ સોમવાર, મંગળવાર, ગુરુવાર, શનિવાર | બરેલી | ભુજ | ૦૩:૧૦ | ૦૩:૧૨ |

# અનિતા ભાભી ઉર્ફે સૌમ્યા ટંડન અસલ જીવનમાં પોલીસ બને છે..



&TVનો લોકપ્રિય શો ભાભા જી ઘર પર હૈ મોજીલી અને રોમાંચક વારતારેખા સાથે દર્શકોમાં અત્યંત પ્રિય બની રહ્યો છે. ગોરીમેમ તરીકે જ્ઞાત સૌમ્યા ટંડને શોમાં અલગ અલગ લૂક્સ ધારણ કર્યા છે. કેટવુમનથી ગ્રામીણ છમિયા ગુલાબિયા સહિત તેણે વિવિધ પાત્રો ભજવ્યાં છે અને બધાં જ પાત્રો બહુ સુંદર રીતે ભજવ્યાં છે. હવે આગામી એપિસોડમાં અનિતા ભાભી (સૌમ્યા) દરોગાનો લૂક ધારણ કરશે. હા, અનિતા શોમાં પોલીસની ભૂમિકા ભજવશે. દરોગાની હપ્પુ સિંહની ભૂમિકા તેને મળી છે, જ્યારે હપ્પુ સિંહને ખરાબ દેખાવ માટે હવાલદાર તરીકે નીચેના પદે લાવવામાં આવ્યો છે. નવી દરોગા ગુનેગારોને સજા કરવા અને કાનપુરમાં ગુના કરનારને પકડવાના મિશન પર નીકળી પડી છે. અમે આ સુંદર અભિનેત્રીનો આ વિશે સંપર્ક કર્યો અને અસલ જીવનમાં જો દરોગા બનવાનો મોકો આપવામાં આવે તો શું કરશે એવું અમે પૂછતાં સૌમ્યા કહે છે, સૌપ્રથમ મહિલા સલામતી સુધારવા પ્રયાસ કરીશ, પોલીસ અધિકારીઓને બળાત્કાર, વિનયભંગના કેસનો ભોગ બનેલી સ્ત્રીઓ સાથે કઈ રીતે વર્તન કરવું જોઈએ તે વિશે માહિતગાર કરીશ. હું બોનસ લિંક્ડ પગારનું માળખઉં બનાવવા માગું છું, જે મહેનતુ અને કાર્યક્ષમઅધિકારીઓને પુરસ્કૃત કરે, જેથી તેઓ સારું કામ કરવા માટે પ્રેરિત થાય. જોતા રહો ભાભી જી ઘર પર હૈ, સોમવારથી શુક્રવાર, રાત્રે ૧૦.૩૦, ફક્ત &V પર

# પાસને કોંગ્રેસના એજન્ટ કહેતા ભાજપી નેતા નાનુ વાનાણીનું પાટીદારોએ પૂતળુ ફૂક્યું

સુરત

વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ તે અગાઉથી પૂતળાં દહનના કાર્યક્રમો રોજે રોજ થઈ રહ્યાં છે. જેમાં શુક્રવારે રાત્રે કતારગામના ધારાસભ્ય નાનુ વાનાણીના પૂતળાંનું દહન પાસ દ્વારા કરવામાં આવ્યું હતું. એક ડીબેટમાં નાનુભાઈએ પાસના કાર્યકરોને કોંગ્રેસના એજન્ટ કહ્યાનાં આરોપસર આ પૂતળા દહન કરી વિરોધ પ્રદર્શન કરાયું હતું.

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીરનર ધાર્મિક માલવીયાએ જણાવ્યું હતું કે, થોડા દિવસો અગાઉ એક ડીબેટમાં કતારગામના ધારાસભ્ય અને શિક્ષણ મંત્રી નાનુ વાનાણીએ પાસના કાર્યકરોને કોંગ્રેસના એજન્ટ કહ્યા હતા. એટલું જ નહીં પાટીદાર અનામત આંદોલન (પાસ)ના કાર્યકરો સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે, તેમ પણ કહ્યું હતું. તેમજ હાર્દિક પટેલ પાટીદાર અનામત આંદોલનમાં માર્યા ગયેલા ૧૪ શહીદોનો હત્યારો છે , તેવું વિવાદી ભાષણ કર્યું હતું. જેના વિરોધમાં રાત્રે ૧૧ કલાકે કતારગામ ગજેરા સર્કલથી આંબાતલાવડી જવાના રોડ પર પાસના કાર્યકરોએ નાનુ વાનાણીના પુતળાનું દહન કર્યુ હતું. અગાઉ પણ નાનુ વનાણીના પુતળા દહનના કાર્યક્રમનો પ્રયાસ કરાયો હતો.

<u>જીતુ વાઘાણીની ના છતાં ભાજપે ટિકિટ આપી</u>

# રાજપુતોએ વિરોધમાં વલ્લભીપુર-ધંધુકા હાઈવે બંધ કરાવ્યો

અમદાવાદ

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સામે શરૂ થયેલી રાજપુતોની લડાઈને કારણે ચૂંટણી જીતવી મુશ્કેલ બનશે તેવુ જણાઈ આવતા જીતુ વાઘાણીએ ભાજપને જાણ કરી હતી કે તેઓ ચૂંટણી લડવા માગતા નથી. આમ છતાં ભાજપે તેમને ટિકિટ આપી હોમી દેવાનો નિર્ણય કર્યો છે. વાઘાણીને ટિકિટ મળી તેવા સમાચાર મળતા જ રાજપુતોમાં ભારે નારાજગી વ્યાપી હતી. મોડી રાત્રે વલ્લભીપુર-ધંધુકા હાઈવે ઉપર રાજપુત યુવકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. યુવકોએ રસ્તા ઉપર ટાયરો સળગાવી ટ્રાફિક જામ કર્યો હતો.

જો કે આ મુદ્દે રાજપુત આગેવાન દાનસંગ મોરીએ કહ્યુ હતું કે ભાજપે ક્યા નેતાને ટિકિટ આપવી તે તેમનો પોતાના નિર્ણય છે. પણ હવે આ મુદ્દે જીતુ વાઘાણી સામેની ખુલ્લી લડાઈની શરૂઆત થઈ ગઈ છે. ભાવનગરના અનેક ગામોમાં હવે વાઘાણી સામેનું આંદોલન ઉગ્ર બનતુ જાય છે. હવે માત્ર આંદોલનની અસર ભાવનગર સુધી સીમિત રહી નથી. જ્યા પણ રાજપુતોની વસ્તી છે તેવા વિસ્તારોમાં પણ આંદોલન સ્વંયભુ ચાલી રહ્યુ છે જેના કારણે ભાજપે અન્ય બેઠકો ઉપર પણ તેની કિમંત ચુકવવી પડી શકે છે.

મોરીએ કહ્યુ હતું કે અમારા તરફથી સમાધાનના પુરતા પ્રયાસ થયા પણ ભાજપ તે દિશામાં આગળ વધ્યુ નહીં. હવે તો વાઘાણીની હાર તે જ રાજપુતો લક્ષ્ય છે. આખા રાજયના રાજપુતો માત્ર વિરોધ કરી નહીં, પણ ચૂંટણીના પરિણામમાં પોતાની તાકાત બતાડશે.

# કચ્છની અન્ય પાંચ બેઠકો માટે ભાજપનું મહામંથન,દાવેદારોની લાંબી કતાર

કચ્છ

કચ્છની ૬ પૈકી ૧ બેઠક પર ભાજપે ઉમેદવારી જાહેર કર્યા બાદ ભાજપમાં ચિંતા વધી છે. હવે બાકી રહેલી ૫ બેઠકો પર ભાજપના કાર્યકરો તેમજ અગ્રણીઓએ ટિકિટ માટે દાવેદારી કરી છે. જેને લઇને ભાજપના પ્રદેશ નેતાઓ મુંઝવણમાં મુકાયા છે. સાથે જ બેઠકનો દોર શરૂ કર્યો છે. કચ્છમાં ભાજપ નેતાઓને એવો પણ ડર છે કે વધતા અસંતોષને કારણે પક્ષમાંથી જ કોઇ અપક્ષ ઉમેદવારી જાહેર કરી શકે છે. પક્ષમાં અંદરોઅંદરનો વિરોધ અને અસંતોષને કાબૂમાં લઇ સંગઠિત કરવા કચ્છ ભાજપ પ્રદેશ નેતાઓએ કમર કસી છે.

પ્રદેશ સ્તરેથી થયેલા આદેશો બાદ ભુજ દોડી આવેલા નેતાઓએ વિવિધ લોકોને મળી અંતિમ સ્થિતિની જાણકારી મેળવી હતી. કાર્યકરો અને અગ્રણીઓ અને અગ્રણીઓ તથા ટિકિટના દાવેદારો વચ્ચેની હુંસા-તુંસી અને એકમેકને પાછળ રાખી દેવાની હરીફાઈ ના કારણે ઉદ્દભવેલા અસંતોષ તથા વિરોધની પરિસ્થિતિ ને થાળે પાડવા અને ઠારવા માટે ભાજપના પ્રદેશ નેતા કે.સી.પટેલ, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ જેન્તી ભાનુશાલી તેમજ પ્રદીપસિંહ વાઘેલા અચાનક ભુજ દોડી આવ્યા હતા. આ આગેવાનોએ ગુપ્ત રીતે ભુજમાં વિવિધ લોકો સાથે બેઠકો યોજી હતી. તેમની પાસેથી વર્તમાન સ્થિતિનો ક્યાસ મેળવ્યો હતો. ભારોભાર અસંતોષ સાથેના માહોલને અનુભવ્યો હતો.

આમ કચ્છની ૬ બેઠકો પૈકી એકમાત્ર અંજાર બેઠક માટે વાસણભાઇ આહીર ની ટિકિટ જાહેર કરીને પક્ષના મોવડીઓએ પ્રત્યાઘાત બાબતે રિહર્સલ કર્યું હતું. આ ટેસ્ટ કેસ બાદ બાકીની બેઠકો માટે શું કરવું તેની ગૂંચ ઉકેલવા પ્રદેશ નેતાઓને છેલ્લી ઘડીનો ધક્કો થયો હતો. આ મુલાકાત દરમિયાન અસંતોષને લઈને પક્ષમાંથી જ અપક્ષ ઉમેદવારી થાય તેવા અણસારનો પણ પ્રદેશ નેતાઓને અનુભવ થયો હોવાનું જાણવા મળે છે. ત્યારે આગામી કચ્છમાં ટિકિટ મુદ્દે કેવો માહોલ સર્જાશે તે જોવુ રહ્યું.

# અમદાવાદ શહેરની આઠ બેઠક માટે ભાજપમાં ભારે કશ્મકશ

અમદાવાદ

વિધાનસભાની પહેલા તબક્કાની ચૂંટણી માટે ગઇ કાલે ભાજપે ૭૦ ઉમેદવારની યાદી જાહેર કરી દીધી છે. જેમાં અમદાવાદની એક સીટને બાદ કરતાં હવે બાકીની ૨૦ સીટના ઉમેદવારોની જાહેરાત પર સૌની નજર છે. અમદાવાદ શહેરની બેઠકો પૈકી આઠ બેઠક માટે ભાજપમાં કશ્મકશ ચાલી રહી છે.

આ પૈકીની ઘાટલોડિયા અને નારણપુરાની બેઠક એક્સકલુઝિવ ગણવામાં આવે છે. ઘાટલોડિયા અને નારણપુરાની બેઠક કોને ફાળે આવશે તે માટે અત્યંત સસ્પેન્સ જાળવવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઘાટલોડિયા અને નારણપુરાની બેઠકના ઉમેદવારની પસંદગીનો નિર્ણય વડા પ્રધાન નરેન્દ્ર મોદી લેશે. હાલમાં અમદાવાદ શહેર જમાલપુર-ખાડિયાના વર્તમાન ધારાસભ્ય ભૂષણ ભટ્ટને આ બેઠક પર રિપીટ કરાશે. દાણીલીમડાની બેઠક કોંગ્રેસ પાસે હોઇને ભાજપ ત્યા મજબૂત ઉમેદવારની શોધમાં છે. ઓછા માર્જિનથી ગુમાવેલી આ બેઠક પર ભાજપ નવો ચહેરો મૂકશે.

મણિનગરની બેઠક પર પ્રદેશ પ્રચાર પ્રસારનો હવાલો સંભાળી રહેલા મહેશ કસવાલા અને આસિત વોરા ટિકિટ રેસમાં છે, પરંતુ આસિત વોરાનું નામ આ બેઠક માટે મોખરે ગણાય છે. દસક્રોઈની બેઠક પર ભાજપે પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. જ્યારે વટવાની બેઠક પર ગૃહ પ્રધાન પ્રદીપસિંહ જાડેજા નિશ્ચિત ઉમેદવાર છે.

# કપિલ શર્મા સુપર ડાન્સર પ્રકરણ ૨ પર ભાવુક થઈ ગયા


ફોટો : શાંતી શાહ

કપિલ શર્મા તેની આગામી ફિલ્મ 'ફિરંગી' ના પ્રમોશન માટે સુપર ડાન્સર પ્રકરણ ૨ પર ઈશિતા દત્તા સાથે જોવા મળશે. રાષ્ટ્ર દ્વારા હાસ્યથી સેટને ભરી દીધો જ્યારે બાળકોએ કેટલાક પાવર પેક પર્ફોર્મન્સ આપી હતી. બન્નેનું મિશ્રણ ચોક્કસપણે તમામ દર્શકો માટે 'જોવા જેવું' હશે!જ્યારે શુટિંગ ચાલી રહ્યું હતું ત્યારે, સુપર ડાન્સરની ટીમે કપિલ શર્માને સરપ્રાઈસ આપવા એક વિડિઓ દેખાડવાનો નિર્ણય લીધો હતો જે તેમના માટે એક ઋણપ્રદર્શન હતું. કૉમેડી સર્કલ અને સેલિબ્રિટીઝના મિત્રો સાથે બાળપણથી તેમના ઘણા ફોટોગ્રાફ્સ દર્શાવવામાં આવ્યા હતા, જેને કપિલને ખૂબ ભાવુક કરી દીધા હતાં અને તેમના ચહેરા પર તેજસ્વી સ્માઇલ આવી હતી.પરંતુ, કપિલને શું થયું હતું જ્યારે પ્રિય મિત્ર અને હાસ્ય કલાકાર ભારતી સિંહનો વિડિયો દર્શાવવામાં આવ્યો હતો, જ્યાં તેણે કપિલ શર્માના નમ્ર અને નિઃસ્વાર્થ સ્વભાવને દર્શાવ્યું હતું.જુઓ સુપર ડાન્સર પ્રકરણ ૨, દર શનિવાર અને રવિવાર, રાત્રે ૮:૦૦ વાગ્યે માત્ર સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન પર

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના ૯૨માં જન્મદિવસ સમારંભના અવસર પર બહુધર્મી અને વેદ સમારંભ આયોજન થશે

અમદાવાદ

શ્રી સત્ય સાઈ સેવા સંગઠન જે એક બહુ સાંસ્કૃતિક આધ્યાત્મિક સેવા સંગઠન છે, તેના દ્વારા પ્રશાંથિ નિલયમમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય વેદ સંમેલન અને બહુધર્મી સેમિનાર આયોજન કરવામાં આવશે. આ આયોજન ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના ૯૨માં જન્મદિવસ સમારંભના અવસર પર હશે જે ૨૦ નવેમ્બરથી ૨૧ નવેમ્બર સુધી ચાલશે. બે દિવસીય આ સમારંભમાં ભગવાન સત્ય સાઈ બાબાના ૧૫ હજારથી વધુ ભક્તો દ્વારા વેદ પાઠ કરવામાં આવશે. આ અવસર પર વિશ્વભરના ૪૨ દેશોના ૬૦૦ સહભાગી ઉપસ્થિત રહેશે. શ્રી સત્ય સાઈ બાબાના સમર્થક ભારતમાં આ પ્રકારના આયોજન કરતા રહે છે અને તેને વિશ્વના અનેક ભાગોમાં સમ્પ્રેષિત કરતા રહે છે જેથી વિશ્વ કલ્યાણની ભાવના વધુ પ્રબળ થતી રહે. બે દિવસીય સેમિનારમાં દરેક ધર્મોના એકકીરણ તથા સેવા ધાર્મિક નેતાઓ દ્વારા બહુવિશ્વાસી પ્રાર્થનાઓની રજૂઆત કરવામાં આવશે. વૈશ્વિક શાંતિના વિચાર સેમિનારના દરેક પ્રમુખ ધર્મોના વક્તાઓ અને વિચારધારાઓ પર અધિકાર પૂર્વક બોલનારા કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ હશે.

શ્રી સત્ય સાઈ સેવા સંગઠન એવા સમયમાં આ મહત્વૂપૂર્ણ સંમેલન અને સેમિનાર આયોજીત કરી રહ્યું છે જ્યારે એકતાનો સંદેશ અને સેવાભાવ પહેલા કરતા વધુ માનવતા માટે પ્રાસંગિક થઇ રહ્યું છે. શ્રી સત્ય સાઈ બાબાના ૧૫ હજારથી વધુ વિભૂતિઓના પ્રશાંથિ નિલયમમાં જોડાવું પોતાનામાં વિલક્ષણ છે. વેદોમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવના સમગ્ર રીતે ભરેલી છે, જે આપણને પૂરા વિશ્વથી જોડે છે આપણામાં એકતાનો ભાવ ભરે છે.

# નોકિયા ૫ હવે ૩જીબી રેમની સાથે ઉપલબ્ધ




એચએમડી ગ્લોબલ, હોમ ઓફ નોકિયા ફોન, દ્વારા નોકિયા ૫ નવા કમ્ફિગરેશનમાં રજૂ કરવામાં આવ્યા છે, જેમાં ૩ જીબી રેમ સામેલ છે. સટીક ઈન્જીનિયરવાળા સ્માર્ટફોન તમારા હાથમાં સંપૂર્ણ રીતે ફીટ થવા માટે તૈયાર છે, હવે નોકિયા ૫ માં ચીકણી મલ્ટીટાસ્કિંગ અને સમગ્ર પ્રદર્શન માટે વધુ મેમોરી છે. આ વિશેષ રીતે ૭ નવેમ્બરથી ફ્લિપકાર્ટ ડૉટ કૉમ પર એક અઠવાડિયા માટે ઉપલબ્ધ હતા, ત્યાર બાદ ૧૪ નવેમ્બરથી દેશમાં રિટેલ આઉટલેટ્સ પર ઉપલબ્ધ છે. આ મેટ બ્લેક અને ટેમ્પર્ડ બ્લૂમાં આવે છે, આની કિંમત રૂ. ૧૩,૯૯૯ છે. નોકિયા ૫ પહેલેથી જ એક સુંદરતાથી તૈયાર કરવામાં આવેલ ફોનરૂપે પ્રતિષ્ઠિત છે જે પોતાના વજન ઉપર સારી રીતે મુકાબલો કરે છે, હવે આમાં વધુ સ્મૃતિ જોડી દીધી છે જેથી પ્રશંસકોને એક જ પરિશુદ્ધતા ઈજીનિયર ડિઝાઇનમાં શ્રેષ્ઠ પ્રદર્શન પ્રાપ્ત થઇ શકે.નોકિયા ૫માં ૧૩ એમપી ફેસ ડિટેક્શન ઑટો ફોકસ કેમેરો છે.

# ડીસીએમ શ્રીરામ લિમિટેડે Q2FY18 માટે પોતાના નાણાંકીય પરિણામોની ઘોષણા કરી

ત્રિમાસિકના પ્રદર્શન પર પોતાના વિચાર રજૂ કરતા ચેરમેન અને સીનિયર મેનેજિંગ ડિરેક્ટર શ્રી અજય શ્રીરામ તથા વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિક્રમ શ્રીરામે કહ્યું, "અમે ત્રિમાસિકના સંતોષજનક પ્રદર્શનને લઇને ખૂબ જ ઉત્સાહિત છીએ. અમારા દરેક કારોબારોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. છેલ્લા અમુક વર્ષોમાં ક્ષમતા વિસ્તાર અને દર અનુકૂલનમાં કરવામાં આવેલા રોકાણે પણ શ્રેષ્ઠ પ્રદર્શનમાં યોગદાન આપ્યું છે. અમે ૧૫૦ કિલોલીટર પ્રતિદિન ડિસ્ટીલરી, ક્લોર-એલ્કલીના વિસ્તાર અને એલુમિનિયમ ક્લોરાઇડ કારોબારની સ્થાપના માટે ૩૫૦ કરોડના રોકાણની પરિયોજનાઓને પરિણામ આપી રહ્યા છીએ. આ પરિયોજનાઓ ઊર ક્વરૂ'૧૯ સુધી શરૂ થઇ જશે." "અમે અમારા રસાયણ અને ચીની કારોરની ક્ષમતા વિસ્તાર અને દર અનુકૂલન તથા કોટામાં કેપ્ટિવ પાવર પ્લાન્ટના વિસ્તાર અને અપગ્રેડેશન માટે ૮૫૦ કરોડ રૂ.નું વધારાનું રોકાણ પણ કરી રહ્યા છીએ. આ પરિયોજનાઓ ૧૮ નવેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર દરમ્યાન શરૂ થઇ જશે."

# માર્ગ ઈઆરપી એ રજૂ કર્યો પ્રોજેક્ટ વિસ્તાર – એક પગલું પ્રગતિ તરફ


ફોટો : શાંતી શાહ

જીએસટી પ્રતિ જાગૃતતા ફેલાવવામાં સૌથી આગળ રહેતી ભારતની અગ્રણી બિઝનેસ સૉલ્યૂશન ફર્મ, માર્ગ ઈઆરપીએ એસએમઈ, એમએસએમઈ, રિટેલ વિક્રેતાઓ, ડિસ્ટ્રીબ્યૂટર્સ અને અન્ય વ્યાવસાયિક એકમો માટે જીએસટીને સરળ બનાવનારી સુવિધા સાથે એક નવો કાર્યક્રમ પ્રોજેક્ટ વિસ્તાર – એક પગલું પ્રગતિ તરફ – નો શુભારંભ કર્યો છે. ૯ લાખથી વધુ ગ્રાહકો અને ૭૫૦+ વધુ સમર્થન કેન્દ્રોની સાથે પોતાના નેટવર્કને વધુ મજબૂત કરવા માટે માર્ગે આ નવીનતમ પહેલ સાથે એક પૈન ઈન્ડિયાને સ્થાપિત કરવાની રહેશે. પ્રોજેક્ટ વિસ્તાર દેશમાં ૬૫૦૦૦ આઈટી સોફ્ટવેર/હાર્ડવેર વિક્રેતાઓ પર કેન્દ્રિત છે. આના લૉન્ચના ૭ દિવસની અંદર કંપની આ નેટવર્કમાં ઓછામાં ઓછા ૨૫ ટકા જોડવાની અને ૫૦૦૦ માસ્ટર પાર્ટનર લાઈસેન્સ એક્ટિવેશન હાંસલ કરવા અને માર્ગ પાર્ટનરની સાથે નેટવર્કને વધારવાની આશા રાખે છે. આઈટી વિક્રેતાઓ અને વેપારથી જોડાયેલા અન્ય લોકો માટે કે જીએસટી સાથે જોડાયેલા લોકા માટે આ જીવનપર્યંત તક છે એન આ એક એવી સ્વામિત્વ સેવા છે જેને અમે દેશ માટે કરવા માટે પ્રતિબદ્ધ છીએ

# ભૂજ આરઆર સેલે પેટ્રોલ ડીઝલની ચોરીનો પર્દાફાસ કર્યો

પાલનપુર

કચ્છ - ભૂજ બોર્ડર રેન્જના પોલીસ મહાનિરીક્ષક પીયુષ પટેલની સુચના આધારે ગુ-જરાત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી અનુસંધાને મિલકત સંબંધી ગુનાઓ થતા અટકાવવા આર.આર.સેલ ભુજ સ્કોડના અ હેડ કો.યશવંતસિંહ તથા અ હેડ કો. રમેશભાઈનાઓ બનાસકાંઠા જિલ્લના ગઢ પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમાં હતાતે દરમિયાન અ હેડ કો.યશવંતસિંહને મળેલ બાતમીના આધારે ચંડીસર ગામે જી.આઈ.ડી.સી. બાજુમાં ચંડીસર ગામનો ચેતનકુમાર પરબતજી ઠાકોર તથા પરબતજી જાલુજી ઠાકોરનાઓ અલગ અલગ ટેન્કરો માલીકની જાણ બહાર ચોરી છુપીથી ડ્રાઈવર સાથે મેળાપીપણુ કરી ડીઝલ પેટ્રોલની ચોરી કરી


સંજય જોષી

કરાવી તે ડીઝલ પેટ્રોલ બજારથી સસ્તા ભાવે વેચવા ખાનગી ગાડીઓ રાખી ગે.કા.ની પ્રવૃતિ કરે છે. જે હકિકત આધારે રેઈડ કરતાં રંગે હાથ ચોરી કરતાં ટેન્કર નંબર જીજે૦૧સીવી૯૪૩૯ નુ ડીઝલ પેટ્રોલ ભરેલ તથા ડીઝલ કાઢવાની રબરની પાઈપ લાઈન નંગ બે તથા વાહન ૬ કિ.રૂા.૨૧,૬૮,૫૦૦/- તથા ડીઝલ પેટ્રોલ લીટર ૨૦,૩૬૨ જેની કુલ કિ.રૂા.૧૩,૨૪, ૪૯૬/- તથા ડબ્બા નંગ ૨૭ કિ.રૂા.૨૫૫૦/- તથા લોખંડની કોશ નંગ ૨ કિ.રૂા.૧૦૦/- તથા થેજ પટ્ટીનંગ ૧ કિ.રૂા.૧૦૦/- તથા રબરની પાઈપ નંગ ૨ તથા મોબાઈલ નંગ - ૫ કિ.રૂા.૧૩,૫૦૦/- જે કૂલ મુદ્દામાલ કિ.રૂા.૩૪,૯૬, ૧૯૬/- સાથે આરોપી કુલ ૪ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અંબાજીમાં કોન્ટ્રાકટ કંપનીના શોષણ સામે સફાઈ કામદારો હડતાલ ઉપર

(પ્રતિનિધિ) અંબાજી

યાત્રાધામ અંબાજી માં સફાઇ કોંન્ટ્રાક્ટ કંપની દ્વારા લાખ્ખો રૂપીયા નો ભ્રષ્ટાચાર સાથે સફાઇ કામદારો નાં શોષણ ને લઇ અંબાજી માં સફાઇ કર્તા કામદારો એ આજે હડતાલ નો હથીયાર ઉગામ્યુ છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર ની ઓલ સર્વીસ ફોર ગ્લોબલ નામની કંપની ને યાત્રાધામ વિકાસ બોર્ડ ની ભલામણ ની અપાયેલાં સફાઇ નાં કોંન્ટ્રાક્ટ માં હાલ ૧૧૫ જેટલાં સફાઇ કામદારો કામ કરી રહ્યા છે. જેમાં અંબાજી શહેર નાં મંદિર ને સાંકળતાં માર્ગો, ગબ્બર તથા મંદિર પરીસર ની સફાઇ કરવાની થાય છે. જેમાં મજુર ને લઘુત્તમ વેતન રૂપીયા ૨૯૭ પ્રમાણે પગાર ની ચુકવણી કરવાની થતી હોય છે. ને તેમાંથી પી.એફ (પ્રોવિડડફંડ) નું પણ કપાત કરવાનું થાય છે. પણ અંબાજી માં



સફાઇ કામ કરતી ઓલ સર્વીસ ફોલ ગ્લોબલ નામની કંપની એ મજુરો નાં છેલ્લા સાત માસ થી કોઇ જ પી.એફ ની કામગીરી કરાઇ નથી. એટલુંજ નહી ૩૦ દિવસ નું કામ કરાવી ૨૬ દિવસ ની મજુરી ચુકવાય છે. જેમાં સફાઇ કામદારો એ સફાઇ નાં સાધનો પણ પોતે લાવવાં પડતાં હોવાની ફરીયાદ કરી રહ્યા છે. ને એક દિવસ કોઇ કામદાર ની ગેપ પડે તો તેની ૧૦ દિવસ માટે જબરજસ્તી રજા પાડી શોષણ કરાતાં હોવાની પણ બુમરાડ ઉઠવા પામી છે. હાલ માં આ સફાઇ કામદારો એ હડાતલ પાડી દેતાં અંબાજી શહેર નાં માર્ગો નાં કચરાં માર્ગો ઉપર જ જોવા મળ્યા હતા ને કેટલાંક કંટેનરો પણ ભરાયેલાં જોવા મળ્યા છે. ને જ્યાર સુધી આ પ્રશ્નો ને ઉકેલ નહી આવે ત્યાં સુધી કામ નહી કરવાં ની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# પાલનપુર ખાતે મતદાર જાગૃતિ માટે બાઇક રેલી યોજાઇ

## ૧૦૦થી વધુ બાઈક સવારોએ હાથમાં બેનરો, ફ્લેગ લઈ રેલીનું પરિભ્રમણ કર્યુ



પાલનપુર

વિધાનસભા સામાન્યપ ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી મતદારોમાં જાગૃતિ વધારવા બનાસકાંઠા જિલ્લાનમાં જિલ્લા-ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા આર.જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર સમગ્ર જિલ્લાલમાં વ્યાઅપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યાન છે. મતદાર જાગૃતિ માટે પાલનપુર ખાતે બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેને જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરાએ પ્રસ્થાન કરાવ્યું હતું. સ્વીપ અંતર્ગત ૧૦૦ થી વધુ બાઇક સવારોએ હાથમાં મતદાર જાગૃતિ અંગેના બેનરો, ફલેગ લઇ પાલનપુર શહેરમાં રેલીનું પરિભ્રમણ કર્યુ હતુ.

જિલ્લાઇભરમાં વીવીપેટની જાણકારી માટે સુદ્રઢ વ્ય વસ્થા ગોઠવવામાં આવી છે. કલેકટરની કચેરી પાલનપુર ખાતે તેમજ દરેક મતદાર વિભાગમાં સમાવિષ્ટગ તમામ તાલુકાવાર મામલતદાર કચેરી ખાતે મોક પોલીંગ સ્ટેશન બનાવાયા છે. જેમાં વીવીપેટ વિશે વિસ્તૃતત જાણકારી આપવામાં આવે છે. અક્ષમ, અશક્ત અને સિનિયર સિટીઝન મતદારો માટે પણ ખાસ સુવિધા કરવામાં આવી છે. પરિણામે મતદારોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળે છે.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણીયા, પ્રાંત અધિકારી અને ૧૨-પાલનપુર વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી એ.ડી.જોષી, જિલ્લા શિક્ષણાધિકારી રાવલ, જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી ર્ડા.દિપક દરજી, તાલુકા પ્રા.શિક્ષણાધિકારી શ્રીમતી નિરૂબા રાજપુત, બી.આર.સી. આનંદ મોદી સહિત શિક્ષકો અને વિશાળ સંખ્યામાં મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

# શનેશ્વર અમાવસ નિમિત્તે ડીસાના શનિ મંદિરે યજ્ઞ યોજાયો

## ૩૦ વર્ષ બાદ આવેલો સંયોગ

ડીસા

શનિવારે અમાસનો સંયોગ લંબા વર્ષો બાદ આવતા શનેશ્વર અમાવસ નિમિત્તે ડીસાના ભોયણ ખાતે આવેલા શનિદેવ મંદિર ખાતે ભગવાન શનિદેવની મહાપૂજા અને યજ્ઞનું આયોજન કરાયું હતું. શનેશ્વર અમાવસ નિમિત્તે મોટી સંખ્યામાં ભાવિકોએ યજ્ઞ દર્શનનો લાભ લીધો હતો.

સૂર્યપુત્ર શનિદેવ ને દંડનાયક દેવ તરીકે ઓળખવામાં આવે છે. શનિવારે શનિદેવ ભગવાનની વિશેષ પુજા અર્ચના કરાય છે. તેમાં પણ શનિવારે અમાવસ હોય તો આ દિવસનું મહત્વ ખૂબ જ વધી


ભરત સુંદેશા

જાય છે. ત્યારે શનિવારે કારતક વદ અમાવસ હોઈ ૩૦ વર્ષ બાદ શનિવારે અમાવસ્યા નો સંયોગ થતાં ડીસાના ભોયણ ખાતે આવેલા શનિમંદિરમાં વિશેષ પૂજા અને યજ્ઞનું આયોજન કરાયું હતું. ભુદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં આહુતિ આપી સાંજે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. યજ્ઞના દર્શન નો લાભ મોટી સંખ્યામાં લોકોએ લીધો હતો. યજ્ઞ શાસ્ત્રીના જણાવ્યા મુજબ શનેશ્વર અમાવાસ્યાનો સંયોગ ઘણાં વર્ષો પછી આવતો હોય છે આ દિવસે શનિ ભગવાનને કાળુ કાપડ, અડદ કાળા તલ, તેલ સહિતની વસ્તુ ચઢાવવાથી સારું ફળ મળે છે અને શાંતિ થાય છે. ડીસામાં મોટી સંખ્યામાં મોડી રાત સુધી લોકોએ શનિ મંદિરે દર્શનનો લાભ લીધો હતો.

# પાલીકા દ્વારા રોડ ઉપર ગંદકી નંખાતા લોકો ત્રાહીમામ

## ત્રણ દિવસથી ગટરની ગંદકી બહાર કાંઢી છતાં કોઈ ઉપાડતુ નથી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા નગરપાલીકામાં જયારથી ચિફ ઓફિસર ઈન્ચાર્જમાં આવ્યા છે ત્યારથી ધાનેરામાં સફાઇ તેમજ દબાણમાં પ્રશ્નો વધી રહ્યા છે ધાનેરાની ગટરો ઠેર-ઠેર ઉભરાઇ રહી છે. પાણી રસ્તા ઉપર આવી રહ્યા છે ત્યારે બીજી તરફ ગટરોમાંથી કાઢવામાં આવતી ગંદકી ત્રણ-ત્રણ દિવસથી રોડ ઉપર નાંખી દેવામાં આવતાં રાહદારીઓ તેમજ સોસાયટીના મકાન માલીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે તેમ છતા પાલિકા દ્વારા કોઈ પગલા લેવાતા નથી. ધાનેરામાં ગટર તેમજ સફાઈનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની હયો છે ધાનેરા નગરપાલીકા પાસે



ગટરો ઉભરાઇ રહી છે. તે લોકો હેરાન પરેશાન છે આ બાબતે પાલીકામાં વારંવાર રજુઆતો કરવા છતાં કોઇ પગલાં પણ લેવામાં આવતા નથી ઉમીયા નગર સોસાયટી ના મુખ્ય માર્ગ ઉપર ગટર માંથી કાઢવા માં આવેલ ગંધકી બહાર કાઢી ને રસ્તા ઉપર નાંખી દેવામાં આવી છે. જેના કારણે ભારે દુર્ગંધ મારતાં સ્થાનીકો તેમજ રસ્તે પસાર થતા રાહદારીઓ ને ત્યાથી પસાર થવુ પણ મુસ્કેલ બન્યુ છે. તેમજ આ ગંદકી ત્રણ-ત્રણ દિવસથી રસ્તા ઉપર પડી છે તેમ છતા તે ગંદકી ઉપાડવાનો પાલીકા પાસે સમય નથી. ધાનેરાના ચિફ ઓફિસર જીગર પટેલ ડીસાથી આવતા હોય છે. અને તેઓ ઓફિસથી બહાર ક્યારેય નિકળતા પણ નથી જેથી તેમને ધાનેરાની દુરદશા ની ખબર પડે. ચિફ ઓફિસર ને અઠવાડીએ એક વખત વોર્ડની મુલાકાત ફરજીયાત લેવાની હોય છે.

# ઠંડીથી બચવા ગૌમાતા તાપણાના સહારે...


વિનોદ બાંડીવાલા

ઉત્તર ભારતના હિમાચલ ક્ષેત્રમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થતાં ડીસા સહિત રાજ્યમાં ઠંડીનો ચમકારો અનુભવી રહ્યો છે. વહેલી સવારે અને સાંજે તીવ્ર ઠંડી અનુભવાતા લોકો ગરમ વસ્ત્રો તેમજ તાપણાનો સહારો લેવા લાગ્યા છે. ત્યારે વહેલી સવારે ઠંડીથી બચવા ગૌમાતા પણ તાપણા પાસે ગોઠવાઈ જઈ ઠંડીથી રક્ષણ મેળવી રહી છે.

# થરાદ વિનિયન અને વાણિજય કોલેજ દ્વારા મતદાન જાગૃત અભિયાન રેલી યોજાઈ

પ્રતિનિધિ થરાદ

થરાદની સરકારી વિનિયન અને વાણિજય કોલેજના વિધાર્થીઓ દ્વારા શનિવારના સવારના સુમારે કોલેજથી, રેફરલ હોસ્પિટલ અને મેઈન બજારથી મામલતદાર (નાયબકલેક્ટર) કચેરી સુધી સુત્રો અને બેનરો દ્વારા સો ટકા મતદાન માટે રેલી રેલી નીકળવામાં આવી હતી. જેમાં યુવાન હોયકે વૃદ્ધ મતદાન કરવું ફરજીયાત તેવા સૂત્રો લખી ચુંટણીમાં મતદાન જાગૃતી માટે અપીલ કરવામાં આવી હતી. રેલીમાં વિધાર્થીઓની સાથે કોલેજના પ્રોફેસરો પણ જોડાયા હતા.

# ડીસાની સ્કાય ઇન્ટરનેશનલ મોન્ટેસરી સ્કૂલમાં કાર્યક્રમ યોજાયો



ડીસા

ડીસાની સ્કાય ઈન્ટરનેશનલ મોન્ટેસરી સ્કૂલ ખાતે શનિવારે કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો જેમાં પ્લે ગ્રુપ ,કે.જી તથા પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા બાળકો સહિત તેમના વાલીઓને અલગ વેશ ધારણ કરી શાળામાં ઉપસ્થતી રહયા હતા બાદમાં બાળકો અને વાલીઓ ફુગા ફોડ, ધીમી ચાલ સહિત વિવિધ રમતો રમાડવામાં આવી હતી.શાળાના સંચાલકે જણાવ્યું હતું કે વર્તમાનમાં આજના વિર્ધોથીઓ ટેકનોલોજી તરફ વળ્યા છે જે મોબાઈલ પર ગેમ રમતા હોય છે ત્યારે આવી રમતો દ્વારા વિધાર્થીઓનો શિક્ષ-કો તથા માતા પિતા સાથે વધુ ગાઢ સંબંધ કેળવાય તે અર્થે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# થરાદ, દિયોદર અને દાંતા મુકામે નવી કોર્ટનો પ્રારંભ



પાલનપુર

બનાસકાંઠા જિલ્લાપના થરાદ, દિયોદર અને દાંતા મુકામે બનાસકાંઠા પ્રિન્સી પલ ડિસ્ટ્રીકટ જજ સુશ્રી શુભદા બક્ષીના વરદહસ્તેથ પ્રિન્સીપલ સિનિયર સીવીલ જજશ્રીની નવિન કોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રિન્સીપપલ ડિસ્ટ્રીકટ જજશ્રીએ શુભેચ્છા પાઠવી બાર એસોશિએશનોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સ્થળોએ પ્રિન્સીપલ સિનિયર સીવીલ જજશ્રીની નવિન કોર્ટોનો પ્રારંભ થતાં આ વિસ્તારના નાગરિકોને સારી ન્યાયિક સુવિધાઓ મળશે. થરાદ ખાતે નવિન કોર્ટના પ્રારંભ પ્રસંગે જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર આર.જે.માકડીયાએ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

કોર્ટના શુભારંભ પ્રસંગે થરાદ, દિયોદર અને દાંતાના પ્રિન્સીપલ સિનિયર સીવીલ જજ સર્વશ્રી એ.એસ.પાટીલ, શ્રી એન.બી.મુન્શી અને શ્રી એમ.બી. ભાવસાર, સેશન જજશ્રી બી.એલ.ચૌધરી, પી.ટી. પટેલ, એડી.જજશ્રી એમ.જે. ખાન, થરાદ, દિયોદર અને દાંતા બાર એસોશિએશનના પ્રમુખઓ કે.એન.જોષી, બી.એસ.વાઘેલા, ચેનજીભાઈ દેલવાડીયા અને એ.એસ. ઉમતીયા, વકીલ એમ.કે.જોષી, બી.કે.પરમાર, જે.સી.ત્રિવેદી, દાંતા પ્રાંત અધિકારી બી.ડી.વાઘેલા સહિત જિલ્લાના જ્યુડીશલ ઓફિસરઓ અને વકીલઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર સાંઈબાબા મંદિર પાસે એસ.ટી. બસ ડીવાડર પર ચડી જતા એક ઘાયલ


સંજય જોષી

પાલનપુર

પાલનપુરના આબુ હાઈવે પર અમીરગઢ-પાલનપુર રૂટની એસ.ટી.બસનું સ્ટેરિંગ લોક થઈ જતા એસ.ટી.બસ ડીવાડર પર ચડી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૭૦ વર્ષીય મેહુમુદખાન અજિદખાન સિંધી નામનો પ્રૌઢ ઘાયલ થયો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# ડીસા તાલુકાના ધરપડા ખાતે સહકારી સપ્તાહની ઉજવણી



## સહકારી મંડળીઓમાં આધુનિક ટેકનોલોજી અને કેશલેશ વિષય પર સંવાદ યોજાયો

પાલનપુર

૧૪ મી જાન્યુઆરીથી ૨૦ મી જાન્યુઆરી સુધી સમગ્ર ભારતમાં અખિલ ભારતીય સહકારી સપ્તાહની ઉજવણી થાય છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુર દ્વારા આજરોજ ધી ધરપડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ધરપડા તા.ડીસા ખાતે સહકારી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના લોકો સહકારી પ્રવૃતિ થકી રોજગારી મેળવી રહ્યા છે. ત્યારે સહકારી પ્રવૃત્તિમાં આધુનિકતા આવે, વધુમાં વધુ લોકો સહકારી પ્રવૃત્તિ સાથે જોડાય તે માટે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ દ્વારા લોકોમાં જાગૃતતા આવે તે માટે તાલીમ, પરિસંવાદ યોજે છે.

આધુનિક ટેકનોલોજીમાં કેશલેસ વ્યવહાર લોકો સ્વીકારે તે માટે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. માનદ મંત્રી નરસંગભાઈ અને મહિલા સમિતિના અધ્યક્ષ ઉષાબેનએ જિલ્લામાં સહકારી પ્રવૃતિ કેવી રીતે વધુ સંગીન બને અને સહકારી થકી આપણા જિલ્લાનો વિકાસ કઈ રીતે વધુ સારી રીતે થાય તે વિષે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. તેમજ કેશલેષ અને સહકારમાં આધુનિકતા વિશે મહિલા સી.આઈ. ફાલ્ગુનીબેન પટેલએ માહિતી પુરી પાડી હતી.

અનુસંધાન પાના નં.૬

# અનેક રાજ્યોમાં હજુ લાખો ઘરોમાં અંધારપટની સ્થિતી

નવી દિલ્હી

મધ્યપ્રદેશ, છત્તિસગઢ અને રાજસ્થાન સહિત કેટલાક રાજ્યોમાં હજુ પણ લાખો ઘરમાં અંધારપટની સ્થિતી છે. આંકડા પર ધ્યાન આપવામાં આવે તો રાજસ્થાનમાં ૨૦ લાખ, મધ્યપ્રદેશમાં ૪૫ લાખ અને છત્તિસગઢમાં છ લાખ લોકોના ઘરમાં અંધારપટની સ્થિતી છે. દેશના દરેક ઘર સુધી વીજળી પહોંચાડી દેવાની બાબત પડકારરૂપ છે. કેન્દ્રિય ઉર્જા પ્રધાન આરકે સિંહ કબુલાત કરી ચુક્યા છે કે ચાર કરોડ ઘરમાં વીજળી પહોંચાડી દેવાની બાબત ચોક્કસપણે પડકારરૂપ છે. છતાં પણ કેન્દ્ર સરકારે તમામ રાજ્યો સાથે સહકાર કરીને ડિસેમ્બર ૨૦૧૮ સુધી તમામ રાજ્યોમાં દરેક ઘર સુધી વીજળી પહોંચાડી દેવા માટે કમર કસી છે. આના માટે સંકલ્પ કરવામાં આવ્યા છે. સિંહનુ કહેવુ છે કે આ યોજના પૂર્ણ થઇ ગયા બાદ ભારતીય લોકોના જીવન ધોરણમાં સુધારો થશે. પાંચ રાજ્યોમાં આ ટાર્ગેટને વહેલી તકે પૂર્ણ કરી લેવામાં આવનાર છે. અરૂણાચલ પ્રદેશ, હિમાચલપ્રદેશ, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમમાં આ ટાર્ગેટને વહેલી તકે પૂર્ણ કરી લેવાશે. ઉર્જા મંત્રાલયના કહેવા મુજબ આ રાજ્યોના ઘરની સંખ્યા માત્ર પાંચ હજારથી લઈને ૮૧ હજાર સુધી છે.

અનુસંધાન પાના નં.૬

# ધનપુરા નજીક બાઈક સ્લિપ થતા એક ઘવાયો

પ્રતિનિધિ અમીરગઢ


વિશાલ નાઈ

અમીરગઢ તાલુકા ના ધનપુરા (ઢો) ગામ નજીક શનિવારના બપોરે એક મોટર સાયકલ સ્લિપ થતા ધનપુરા નિવાસી રમેશભાઈ ઠાકોર ઘવાયા હતા જેને ૧૦૮ ના પાઈલોટ અરવિંદ દાન તેમજ ઇ.એમ.ટી.જયદબેન દ્વારા સારવાર માટે અમીરગઢ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયા હતો જ્યાં ફરજ પરના તબીબ દ્વારા સારવાર આપવામાં આવી હતી.

# ત્રીજી ડિસેમ્બરે અમદાવાદમાં રાજપૂત સમાજનું મહાસંમેલન

અમદાવાદ

પદ્માવતી ફિલ્મને લઈ રાજપૂત સમાજમાં ઉગ્ર આક્રોશ વધતો જાય છે, જેમ જેમ ફિલ્મની રિલીઝની ડેટ નજીક આવતી જાય છે તેમ તેમ રાજપૂત સમાજમાં આંદોલન ઉગ્ર બનતું જાય છે. ગુજરાત સહિત દેશભરમાં સંજય લીલા ભણશાલીની પદ્માવતી ફિલ્મ સામે વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. આજે ગૌરવ સ્વાભિમાન સભા દ્વારા રાજપૂત સમાજના અગ્રણી શેરસિંહ રાણાએ તા.૩જી ડિસેમ્બરે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રાજપૂત સમાજના મહાસંમેલનની જાહેરાત કરી હતી. પદ્માવતી ફિલ્મને લઈ યોજાનારા આ મહાસંમેલનમાં ગુજરાત સહિત દેશભરમાંથી રાજપૂત સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં ઉમટશે એવી આશા તેમણે વ્યકત કરી હતી. રાજપૂત સમાજના આગેવાના શેરસિંહ રાણાએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, સંજય લીલી ભણશાલીને ફિલ્મના વિરોધને લઈ બધી ખબર જ હતી કારણ કે, વિરોધ છેલ્લા એક વર્ષ ઉપરાંતથી શરૂ થયો હતો. તો તેમણે અત્યારે દસ દિવસ પહેલાં જ કેમ ફિલ્મમાં કશું વાંધાજનક નથી તેવી સ્પષ્ટતા કરી. એક વર્ષ સુધી આ સ્પષ્ટતા કેમ ના કરી કે જે તે કરી શકયા હોત. વાસ્તવમાં સંજય લીલા ભણશાલીનો પોતાની પદ્માવતી ફિલ્મની પબ્લીસીટી માટેનો આ આયોજનપૂર્વકનો સ્ટંટ છે. પબ્લીસીટી મેળવવાના માત્ર આશયથી તેમણે જાણીબુઝીને આ કોન્ટ્રાવર્સી ઉભી કરી છે અને આમ કરી તેઓ પોતાની ફિલ્મને સુપરહીટ બનાવી કરોડો રૂપિયા કમાવી લેવા માંગે છે પરંતુ રાજપૂત સમાજ તેમની આ મેલી મુરાદ બર નહી આવવા દે. માતા પદ્માવતી કે

અનુસંધાન પાના નં.૬

## કેપ્સુલ

સસરાનો ફોન આવ્યો જમાઈ રાજ કાલે સાળા માટે છોકરી જોવા જવાનું છે. બની શકે તો આવી જજો.

જમાઈરાજ: તમે લોકો જોઈ આવો. મારો તો ખુદનો નિર્ણય ખોટો પડયો છે.

૦૦૦

તમે કુંવારા હતા ત્યારે આવકમાંથી તમે થોડા કમાણા, માતા પિતા ભાઈ બહેનને આપતા હતા પણ લગ્ન બાદ પુરેપુરી રકમ ઘરવાળીને આપવી પડે છે તેનું નામ જીએસટી ઘરવાળીનો સર્વિસ ટેક્ષ.

૦૦૦૦

એક જમાઈ સાસરે ગયા. સાત દિવસ સાસુએ પાલક, મેથી વગેરેની ભાજી ખવડાવી. પછી સાસુએ પુછયું,બોલો આજે શું ખાશો ?

જમાઈ : તમે રાંધતા નહી મને ખેતર દેખાડી દો હું ચરી લઈશ..

૦૦૦૦

એક ભાઈ ડૉકટર પાસે ગયા તબિયત તપાસી ડૉકટરે કહ્યું, તમારે પુરેપુરા આરામની જરૂર છે. ઉંઘની ગોળી આપું છું.

તમારી પત્નીને તે ખવડાવી દેજો.

૦૦૦૦૦૦

એક ગામડાની સ્ત્રી પોતાના સંતાનને તેડી બસ સ્ટેન્ડ પર ગઈ. એક બસને રોકી.

ડ્રાઈવર: કયાં જવું છે બહેન ?

સ્ત્રી : કયાંય નહીં પણ બાબો રડે છે તેથી થોડી વાર હોર્ન તો વગાડતા રહો.

૦૦૦૦



# આધાર આ ધાર છે !

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

આધાર.. આધાર અને આધાર.. દેશમાં આજે જાણે આધારનું ઘોડાપુર જાગ્યું છે. જ્યાં જાવ ત્યાં આધારકાર્ડ લાવો.. એ હોય તો કામ થશે નહીં તો કરાવી આવો.. કઢાવી આવો.. પછી.. જરા વિચારો.. આધાર, આધાર અને આધાર પત્નીને પતિનો આધાર, પતિને વળી જ્યાં નોકરી કરે છે એનો.. જમાઈને સસરાનો, છોકરીને એની માતાનો, નોકરને શેઠનો, કર્મચારીને બોસનો, શિક્ષકને આચાર્યનો સીધો કે આડો આધાર હોય છે.. ને ગાડી ચાલે છે, ભાડુઆતને મકાનમાલિકનો આધાર હોય છે. અહીં આટલા બધા એકબીજાના આધારના મુળીયા ચોંટેલા હોય છે તોય આધારકાર્ડ માંગવામાં આવે છે. ના કઢાવ્યું હોય તો કઢાવી લો.. ન જાણે કયારે એની જરૂર પડી જાય. હવે તો સરકાર ગાય ભેંસોને આધારકાર્ડ આપવા પર આવી ગઈ છે. કુતરાં ગધેડા લાઈનમાં છે. એટલે માણસો માટે નક્કી જ. આધાર કાર્ડ વિના એક મીનીટ નહીં ચાલે. ખીસ્સામાં રૂપિયાની સાથે એને નાની સાઈઝમાં રાખવું પડશે. ફરજીયાત બનશે અને તમારા રૂપિયાની સાથે રાખવું પડશે.

તમે બસમાં બેસવા જતા પહેલા ટીકીટ લેવા જશો કે તરત જ કંડકટર કહેશે આધારકાર્ડ બતાવો. માનો કે તમારી પાસે આધારકાર્ડ નથી..ઘેર ભુલી હશો તોય કંડકટર નીચે ઉતારી મુકશે. તમે જોકે કહેશો કે ટીકીટ લીધી છે. પછી શાનો નીચે ઉતરૂં. ટીકીટ લઈને પ્રવાસ કરવાનો મારો અધિકાર છે. એ વાતને કંડકટર નહીં માને. પછી શાબ્દીક મગજ મારી અને પછી બથ-બથ્થા.. ડ્રાઈવર એક તરફ બસને પાર્ક કરી તમારી અને કંડકટરની બથ્થંબથ્થા જોઈ રહેશે. તે આખરે મામલો પોલીસ સ્ટેશનમાં, ખુરશીમાં બેઠેલા અને નાકની દાંડી પર ચશ્માં તાણેલા પોલીસના સાહેબ વાત જાણીને આધાર કાર્ડ નથી.. જેલમાં પુરો.. પછી મારામારી.. બથંબથ્થા વિશે જોઈશું..

આગામી દિવસોમાં આધાર મામલે અથડામણ થઈ શકે છે. કદાચ તમે દલીલ કરો કે મારી મુસાફરી અને આધાર કાર્ડને શું લેવાદેવા ?

નો આર્ગ્યુમેન્ટ, આધારકાર્ડ વગર તમે મુસાફરી કરો અને બસને હાઈજેક કરી જાવ તો તમને ઝાલવા શી રીતે ? આધાર કાર્ડ હોય તો તમને ગમે ત્યાંથી શોધી શકાય.

સરકારની આ થિયરી કદાચ સામાન્ય માણસના ભેજામાં ઉતરવાની નથી. જોકે સરકારની ઘણી બાબતો સામાન્ય માણસના ભેજામાં ઉતરતી નથી. ભણેલાઓનું ભેજામાં ઉતરતી નથી ત્યાં અભણનું શું ?

એક માણસનો કિસ્સો જોઈએ..

એક માણસ રોજ એના વાહનમાં પચાસ રૂપિયાનું પેટ્રોલ ભરાવતો હતો. ઘણાએ કહેલું ઓછામાં ઓછું એક લીટર તો પેટ્રોલ ભરાવવું જોએ જેથી બરાબરની ગણતરી થઈ શકે પણ એ તો પચાસનું જ ભરાવતો હતો. દિવાળીના તહવારો આવતા હતા અને એને પચાસના બદલે સોનુ પેટ્રોલ માંગ્યું. સો રૂપિયાનું ભરી દે.. તો પેટ્રોલ ભરનારો કહે, આધાર કાર્ડ આપો.. એની નોંધણી કરવા દો પછી મળશે. પેલો માણસ જેને વરસના વચલા દીવસે રૂપિયા સોનું પેટ્રોલ માંગ્યું તે આધારકાર્ડનું નામ સાંભળતાં જ ભડકયો.. એણે કહ્યું, પેટ્રોલ અને આધારકાર્ડને શું લેવા દેવા ? તમારે તો રૂપિયા લઈને પેટ્રોલ આપવાનું છે એમાં આધારકાર્ડનું વળી શું અને પેટ્રોલ હું મારા વાહનમાં ભરાવું છું. પીઈ જવાનો નથી.. વાત વધી પડી. મામલો ગરમાયો..મારામારી સુધી પહોંચી ગયો.

દેશના ખોરાકમાં કે હવા પાણીમાં કંઈક એવું ઉપડયું છે કે લોકોની જીભની સાથે હાથ ફટાક કરતાં ગતિમાં આવી જાય છે અને હાથમાં હોય એનાથી દે ધનિયા ધોકાવાળી.. હમણાં એક કોન્સ્ટેબલે બાઈક સવાર વનવેમાં જતો હતો એને રોકયો. લાયસન્સ માગ્યું તો હાથની હેલ્મેટ ઠોકીને ભાગી ગયો.. કોન્સ્ટેબલને આઠ ટાંકા આવ્યા અને પલીસ એ હેલ્મેટ ઠોકનારને શોધી રહી છે. બીજા એક કિસ્સામાં ચાર કોલેજીયન છોકરાઓ ચિક્કાર ચડાવીને જતા હતા. પોલીસે રોકયા. છોકરાઓ અને પોલીસ વચ્ચે તુતુ મેં મેં થઈ અને પછી છોકરાઓએ પોલીસોને બરાબરના ધબેડી નાખ્યા. બોલો જરા વિચારો.. આજકાલ જીભની સાથે કદમ તાલ કરતાં લોકોના હાથ ફટાફટ ઉપડી જાય છે.. પણ પણ શાળાના અવળા વિદ્યાર્થીઓને શિક્ષક મારી શકતા નથી કે


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# વાણી સ્વાતંત્ર્યનું ખુન આ દેશમાં કયાં સુધી ?

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અખબાર એટલે વાણી સ્વાતંત્ર્યનો અરીસો. જો અર્થમાં જોવામાં આવે તો આ લોકતંત્રના લોકનેતાઓ, અખબારી આલમના ધુરંધરોની હત્યા રોકવામાં સદંતર નિષ્ફળ નિવડયા છે. આ દેશમાં છેલ્લા બે વરસમાં એક ડઝન કરતાં વધારે પત્રકારોની ક્રુર હત્યા થઈ છે અને ભવિષ્ય પણ પત્રકારો માટે આગ સાથે ખેલ કરવા જેવું છે.. દેખ કબીરા..

સાઉથની એક મહીલા સુશિક્ષિત અને પ્રબુદ્ધ પત્રકાર જે બેંગ્લોર ખાતે વોઈસ ઓફ લંકેશ નામે જે મોટું ટેબ્લોઈડ પત્રિકા પ્રસિદ્ધ કરી રહી હતી તેની ઠંડા કલેજે ઘરમાં જઈ હત્યા કરી.. જેનો એકેય હત્યારો આજ સુધીય પકડાઈ શકયો નથી. શંકાસ્પદ લોકતંત્રના નેતાઓ છેલ્લા ઘણા સમયથી સીટના દાયરામાં પ્રત્યુત્તર આપવા ગેં..ગેં.. ફે..ફે..કરી રહ્યા છે દેખ કબીરા..

આ કોઈ પત્રકારની લોકશાહીમાં હત્યા થાય એટલે માનવું કે આ લોકશાહીની મોટામાં મોટી શરમ છે. લોકશાહી જ્યારે બિચારી બાપડી બની જાય ત્યારે પત્રકારો ઉપર હુમલો થાય છે. સાઉથની એકટીવીસ્ટ પત્રકારના ખુની હુમલાને અનેક એકટીવીષ્ટોએ વખોડી કાઢયો અને હત્યારાઓ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમને કામ સોંપ્યું છે એ પણ ધીમી ગતિએ કામ ચાલે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ ગૌરીલંકેશની હત્યા શરમજનક છે. લોકતંત્રના તદ્દન કાયર લોકનેતાઓ વિરૂદ્ધ સત્યનો અવાજ ઉઠાવનાર મહિલા પત્રકારનું ઘરઆંગણે ખુન કરી આ દેશના મુળભુત બંધારણીય અધિકાર ઉપર તરાપ મારવા જેવું આ આક્રમણ ગણાય.. દેખ કબીરા..

પત્રકાર ગૌરીલંકેશના સ્વતંત્ર વિચારોએ આ દેશના પુનરૂત્થાન માટે મહત્વના હતા પણ જે ખરેખર દેશહિતના નામે દેશનું અહીત કરનારા લોકનેતાઓ છે એ બધાની આંખમાં ખુંચે એવા લાગ્યા એ એક મહીલા પત્રકારનું ગળું ગોંટી દેવાનો કાયર પ્રયાસ થયો છે. આ દેશના બંધારણ મુજબ પ્રત્યેક નાગરિકને પોતાના વિચારો વ્યકત કરવાનું અને યોગ્ય સમયે મૌખિક લેખીત સ્વરૂપે પ્રગટ કરવાનું વાણી સ્વાતંત્ર્ય મળેલું છે.એ વાણીને ઉગતી દાટી દેવાનો પ્રયાસ એટલે આ દેશની લોકશાહી પરંપરાને દબાવી દેવાનો અતિ ભયંકર નિર્દય પ્રયાસ છે.. દેખ કબીરા..

લોકશાહી પરંપરાને વરેલા આ દેશમાં અનેક પત્રકારો ઉપર હુમલા થયા છે એમાં આ એક વધારે ગણાશે પણ પત્રકાર ગૌરીલંકેશની શહાદત એળે નહીં જાય એવા ભીષ્મ પ્રતિજ્ઞાના અવાજ સાથે સૌ એક થઈ પ્રશાસન સામે અવાજ ઉઠાવે, ગુનેગારોને પકડવા માટે ખાસ કાયદાકીય જોગવાઈઓનો ઝડપી અને ત્વરીત ન્યાય મળે તેમજ પત્રકાર આલમના અંગત રક્ષણ માટે સરકાર અલગ કાયદાકીય વ્યવસ્થા ઉભી કરે તો જરૂર પત્રકાર મુકત અને નિર્ભયપણે સત્યને અવાજ આપી શકે. અંધકારને અને અંધાધુંધીને વાચા આપનાર પત્રકારોની કલમની કદર કરવામાં આવશે ત્યારે લોકશાહીનાં મુળ મજબુત બનશે અને સત્યને સત્ય સ્વરૂપે પ્રગટ થવાનો અવસર મળશે.

પત્રકારો પોતાના નીજી સ્વાર્થ કે લાલચને દેશહીત ખાતર અને લોકશાહીના હીત ખાતર લોકશાહીના સંવર્ધન અર્થે શબ્દોનો નાદ ગુંજતો કરશે ત્યારે આપણા દેશમાં શહાદતને વરેલા તમામ પત્રકારોના આત્મા સ્વર્ગમાંથી અવાજ કરતા આ ધરતી ઉપર કદાચ પાછા ફરે તો નવાઈ નહીં..

દેખ કબીરા..

**બી.પાટણવાડીયા**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# નાના બાળકને બચાવવા નિશા આગમાં કુદી પડી

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

સવારનો સમય, પંખીઓનો કલરવ મહારાષ્ટ્રનું એક નાનકડું ગામ, ખેડુત કુટુંબો વસે,ગામને છેવાડે બે ઘર આવેલાં એક કસ્તુરબાઈનું અને બીજું દિલીપ પાટીલનું.

કસ્તુરબાઈને એક દિકરો અને એક દિકરી હતી. દિકરાને આ વરસે જ નિશાળમાં ભણવા બેસાડયો હતો. દિકરી તો હજુ માંડ છ મહીનાની હતી.

કસ્તુરબાઈનો ઘરવાળો સવારના વહેલા ઉંડા ખેતરમાં જતો રહેતો.. કસ્તુરબાઈ ઘરનાં કામ કરતી હતી. તેણે ઘરની સાફસફાઈ કરી, વાસણ માંજ્યા અને પછી કપડાં ધોયા ત્યાં સુધીમાં નવ વાગવા આવ્યા હતા. તે ઝટપટ રસોડામાં ગઈ અને રસોઈ બનાવવા લાગી. તે તેની નાની દિકરી જાગી ગઈ.

‘બેટા બહેનને જરા વાર હીંચકો નાખ ત્યાં સુધીમાં હું રોટલા બનાવી લઉં.. ’ કસ્તુરબાઈએ દિકરાને કહ્યું.

‘ભલે આઈ, કહી’ છોકરો તેની નાની બહેનને હીંચોળવા લાગ્યો. તેનો હિંચકો છાપરામાં લાકડાની વળીઓમાં બાંધેલો હતો.

‘આઈ બેના ફરી સુઈ ગઈ..’સારૂં તો તું હવે તૈયાર થઈ જા. ચાલ હું તને નિશાળે મુકી જાઉં..કસ્તુરબાઈએ કહ્યું..છોકરાને દફતર પકડાવી આંગળીએ વળગાડી કસ્તુરબાઈ નિશાળે મુકવા જવા લાગી. નિશાળ તેમના ઘરથી નજીકમાં જ હતી. છતાં જતાં જતાં તેણે તેના પાડોશી દિલીપ પાટીલના ઘર બાજુ જોયું. તેની છોકરી નિશા આંગણામાં રમતી હતી.

‘નિશા નાનકી ઘરમાં છે તે જાગી જાય તો તું જરા જોજે..હું આને મુકીને આવું છું.’

ભલે આન્ટી નિશાએ કહ્યું જોકે તેનું ધ્યાન તો રમવામાં જ હતું. ૧૪ જાન્યુઆરી ૨૦૧૬ નો એ દિવસ હતો. રમતાં રમતાં અચાનક નિશાની નજર કસ્તુરાબાઈના ઘર તરફ ગઈ ઘરની બારીમાંથી ધુમાડો નીકળતો હતો. અને જોયું તો નાની છોકરી રડતી હતી. તેણે બારણું ખોલવાનો પ્રયત્ન કર્યો નિશાએ આજુબાજુ નજર દોડાવી. કોઈ માણસ દેખાયું નહીં તે કસ્તુરાબાઈ બારણાની ઉપર સાંકળ વાસીને ગયેલ તેની નિશા ત્યાં સુધી પહોંચાતી ન હતી. તેણે યુક્તિ કરી આંગણામાં પડેલ ખાટલાને બારી પાસે લાવીને ઉભો કર્યો અને તેના પર ચડી બારણાંની સાંકળ ખોલી.

બારણું ખોલીને જોયું તો ઘરમાં ચારે બાજુ આગની જવાળાઓ ફેલાઈ ગઈ હતી.ઘરની વચ્ચોવચ્ચ લાકડાંની વળીઓ સાથે પારણું બાંધેલું હતું. ત્યાં આગ પહોંચી ગઈ હતી. આગની જવાળાઓ તેજ તરફ પણ આવી રહી હતી પણ તેનો કંઈ વિચાર કર્યા વગર નાની બાળકીને બચાવવા નિશા આગની જવાળાઓ વચ્ચે કુદી પડી. તે નાની બાળકીના પારણાંની નજીક પહોંચી ત્યાં વચ્ચે સળગતું લાકડું ધડામ દઈને પડયું. તેને એમ લાગ્યું કે હવે બચવું મુશ્કેલ છે. આગની જવાળાઓ તેની આસપાસ ભભૂકી રહી હતી. છતાં તે જરાય હિંમત હાર્યા વિના બાળકીનાં પારણાં તરફ આગળ વધી અને રડતી બાળકીને તેણે કપડાંમાં વિંટાળી ઉંચકી લીધી અને બહાર આવવાનો પ્રયત્ન કરવા લાગી. તે દરમ્યાન આગ એટલી ફેલાઈ ગઈ હતી કે તેના માટે નીકળવું મુશ્કેલ હતું છતાં બાળકીને તેડીને તે આગના ભડકાની વચ્ચેથી પસાર થઈ બહાર આવી. તેના વાળ અને કપડાં આગની જવાળાઓમાં સળગવા લાગ્યા તે દાઝી ગઈ છતાં તેણે બાળકીનો જીવ બચાવી તેને બહાર લઈ આવી.

નિશા બહાર આવી ત્યારે તેણે જોયું તો કસ્તુરાબાઈ રોકકળ કરતી મદદ માટે બુમાબુમ કરી રહી હતી. તેનો અવાજ સાંભળીને આજુબાજુ દુર રહેલા લોકો પણ દોડીને આવી ગયાં હતાં. કોઈ પાણી છાંટતા હતા તો કોઈ વળી ધુળથી આગને બુઝાવવા જ કોશીશ કરતા હતા.

નિશાને સહી સલામત બહાર આવેલી જોઈ સૌને હાશકારો થયો. છ મહીનાની પેલી બાળકી તો ખુબ ગભરાઈ ગઈ હતી. આગની ગરમીથી તેની ચામડી પણ તતડી ગઈ હતી. બંનેને તાત્કાલિક નજીકની હોસ્પિટલે લઈ જવામાં આવ્યા. ઘણા દિવસ સુધી સારવાર ચાલી. નિશાની સમયસુચકતાથી એક છ માસની નાની બાળકીનો જીવ બચી ગયો હતો. દિલીપ પાટીલને પોતાની દિકરી નિશા માટે ખુબ ગર્વ થયો.

ગામ આખામાં નિશાની બહાદુરી સમયસુચકતા અને હિંમતનાં વખાણ થવા લાગ્યાં. ગામના સરપંચ અને આગેવાનો દ્વારા નિશાનું સન્માન કરવામાં આવ્યું. કસ્તુરાબાઈનો તેને આશીર્વાદ દેતાં થાકતી ન હતી. નિશાએ તેની નાની દિકરીને નવું જીવન આપ્યું હોય એવું તેને લાગતું હતું.આ વાતની નોંધ નજીકના શહેરમાંથી આવતા અખબારમાં પણ લેવામાં આવી. બાલ કલ્યાણ પરીષદ મહારાષ્ટ્ર દ્વારા નિશા દિલીપભાઈ પાટીલનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે મોકલાતાં નિશાને જલદી જવાનું થયું.નિશા આ પહેલાં કયારેય ગામની બહાર ગઈ ન હતી. તેને મુંબઈ અને દિલ્હી જેવા શહેર જોવાની ખુબ જ તમન્ના હતી.નિશા તેના પિતા પાટીલ સાથે મુંબઈ આવી અને ત્યાંથી ટ્રેન મારફતે બાપ દિકરી દિલ્હી આવ્યાં. શહેરની ઝાકઝમાળ, વાહનો અને બજારો જોઈને નિશાને ખુબ જ આશ્ચર્ય થયું.દિલ્હીમાં ૨૬ મી જાન્યુ.૨૦૧૭ ના દિવસે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ‘રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર’ આપવામાં આવ્યો. નિશા દિલ્હીમાં બીજા બહાદુર બાળકોની સાથે લાલ કિલ્લો, કુતુંબ મિનાર, રાષ્ટ્રપતિ ભવન,

લોકસભા ભવન અને ઈન્ડીયાગેટ જેવી જાણીતી જગ્યાઓ જોઈ ખુબ ખુશ થઈ. ૨૬ મી જાન્યુ.૨૦૧૭ ના પ્રજાસત્તાક દિવસની પરેડમાં હાથીની અંબાડી પર બેસી રાજપથ પર નીકળી ત્યારે તેના ગામમાં અને આખા મહારાષ્ટ્રની આ મહાન દિકરીને જોઈ સૌ ગર્વથી હરખાતાં હતા..

**નટવર હેડાઉ**

# ભૂમિ પેડનેકર હવે સુશાંત સિંહ રાજપુત સાથે દેખાશે

ઈશ્કિયા અને ડેઢ ઈશ્કિયા તેમજ ઉડતા પંજાબ જેવી સફળ ફિલ્મ બનાવી ચુકેલા નિર્દેશક અભિષેક ચૌબે પોતાની આગામી ફિલ્મની પટકથા, સ્ક્રિપ્ટ અને સ્ટારકાસ્ટને લઈને તૈયાર છે. અભિષેક હવે સોન ચિરૈયા નામન ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. જેમાં સુશાંત સિંહ રાજપુતને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ ફિલ્મમાં ભૂમિ પેડનેકરને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બન્નેને પસંદ કરવામાં આવ્યા બાદ બાકીના કલાકારોન પસંદગીને લઈને વાતચીત ચાલી રહી છે. અભિષેકની આ ફિલ્મમાં સુશાંત અને ભૂમિ ઉપરાંત મનોજ બાજપેય, આશુતોષ રાણા, રણવીર શોરી અને શ્રીધર દુબે મુખ્ય રોલમાં નજરે પડનાર છે. સોન ચિરૈયાને રોની સ્ક્રુવાલા નિર્મિત કરી રહ્યા છે. અભિષેકની આ ફિલ્મ ચંબલના ડાકુની લાઈફ પર આધારિત છે. બોલિવુડની ફિલ્મોમાં હજુ સુધી ચંબલના ડાકુઓના જીવનને માત્ર રક્તપાત કરતા દર્શાવાયા છે. અભિષેક પોતાની આ ફિલ્મમાં ડાકુઓના બીજા પાસાને પણ સારી રીતે રજૂ કરવા માટેની તૈયારીમાં છે. ફિલ્મમાં ડાકુઓની પટકથાને સારી રીતે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં સુશાંત અને ભૂમિના રોમેન્ટિક એન્ગલને પણ દર્શાવવામાં આવનાર છે. હાલના દિવસોમાં અભિષેકની ફિલ્મના રિડિંગને લઈને સેશન જારી છે. ફિલ્મના તમામ પાત્રો ત્યાં હાજર રહ્યા હતા. ફિલ્મનુ શુટિંગ પણ ચંબલના યોગ્ય પહાડીમાં જ કરવામાં આવનાર છે. તમામ કલાકારોના લુક અને ભાષા પર ખાસ કામ કરવામાં આવી રહ્યુ છે. અભિષેક પોતાની આગામી ફિલ્મનુ શુટિંગ આગામ વર્ષે જાન્યુઆરી ૨૦૧૮થી શરૂ કરનાર છે. સુશાંત હાલમાં સેફ અલી ખાનની પુત્રી સારા સાથે કેદારનાથ ફિલ્મના શુટિંગમાં વ્યસ્ત છે. તેની પાસે અન્ય કેટલીક ફિલ્મો પણ છે. જેમાં ચંદા મામા દુર કે અને ડ્રાઈવનો સમાવેશ છે.`.

# કેવા ગ્રહો રોગ ઉત્પન્ન કરે ?

નિરોગી કાયા સદા સુખી જે વ્યકિતને કોઈ રોગ નથી તે હંમેશા સુખી છે તેને કોઈ તકલીફ રહેતી નથી જે કામો કરવા ચાહે તે પોતે આસાનીથી કાર્યો કરી શકતો હોય છે. તેને દવાનું ખર્ચ કે બીજા કોઈ ખર્ચ હોતા નથી. આવી વ્યકિતને કુદરતની ભેટ જ માનવામાં આવે છે.




કેવા ગ્રહો રોગો ઉત્પન્ન કરતા હોય છે ?

જેવ્યકિતની જન્મકુંડળીમાં લગ્નેશ આઠમા ભાવમાં હોય અષ્ટ પ્રથમ ભાવમાં હોય સાથે કોઈપણ પાપગ્રહ હોય તો આવી વ્યકિતને ઉપરના યોગ બને છે. ઉપાય : લગ્નેશની વિધિ વિધાન કરવું.

દ્રષ્ટાંતકુંડળી: અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં પ્રથમ ભાવમાં શની અષ્ટમેષ બનીને બેઠો છે. જે પાપગ્રહ છે. તેમજ સાથે સુર્ય પણ છે જે પણ પાપગ્રહ છે. સૂર્ય અને એકબીજાને શત્રુ ગ્રહ પણ છે જે આ કુંડળીમાં ઉપરનોયોગ બનાવી રહ્યો છે. આવી કુંડળીમાં વિધિમાં શની, સૂર્યના જાપ કરવાની સલાહ હોય છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# દેશભરમાં બાળશ્રમિકોનો પ્રશ્ન જૈસે થે !

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

**મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં ગરીબ પરિવારો તેમના માસુમ બાળકોને ૫૦૦-૧૦૦૦ માં વેચી મારે છે જ્યારે ૧૬ વર્ષની છોકરીઓનું ૧૦૦૦ માં થતું વેચાણ અટકશે ખરૂં ?**

મહારાષ્ટ્રના મુંબઈ સહિત કેટલાક શહેરોમાં બાળ શ્રમિકોનું શોષણ કરવામાં આવી રહ્યા હોવાની વિગતો બહાર આવતાં કાયદાના શાસકોએ હોટલ, ગેસ્ટહાઉસ અને કેન્ટીનોમાંથી ૨૭ બાળશ્રમિકોને મુકત કરી બાળ સુરક્ષા ગૃહમાં મોકલી આપ્યા હતા. બારથી ચૌદ કલાક સુધી બાળશ્રમિકોનું શોષણ કરવામાં આવતું હતું. મુંબઈ જેવી મહાનગરીમાં ફિલ્મી સ્ટુડીયોમાં આવેલી કેટલીક હોટલોમાં ૧૨ થી ૧૫ વર્ષની સગીરાઓને દરેક રીતે શોષણ થતું હોવાની વિગતો પ્રકાશમાં આવતા અંધેરીમાંથી ૧૪ સગીરાઓને પોલીસે મુકત કરાવી હતી. દેશમાં બાળશ્રમિકોનો પ્રશ્ન વર્ષોથી ચર્ચાતો આવ્યો છે અને આ પ્રશ્ન ચર્ચામાં રહેશે તે વાત ચોક્કસ છે.

વર્તમાન સંજોગોમાં ગરીબ પરિવારમાં બે ચાર બાળકો હોય ત્યારે તેમનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બને છે. આવા પરિવારના વડીલો ૮ થી ૧૫ વર્ષના બાળકોને હોટલ લોજ કે અન્ય નાસ્તાની લારીઓ પર નોકરી માટે મુકી દેતા હોય છે. આ બાળકોનું જીવન કયારેક ઝેર સમું બની જતું હોય છે. કયારેક હોટલ માલિકની ગાળો કે માર ખાવાના દિવસો પણ આવતા હોય છે. આવા બાળકોને શ્રમકાર્યમાંથી મુકત કરાવવા અધિકારીઓ ઓચિંતી રેડ કરતા હોય છે અને બાળશ્રમિકોને છોડાવી તેમના ઘરે મોકલી દેતા હોય છે પરંતુ ત્યારબાદ એ પરિવારની સ્થિતિ નાજુક બની રહે છે. વળી થોડા દિવસો બાર એ જ બાળકોને તેમના માતા પિતા હોટલમાં ધકેલી દેતા હોય છે. જો ન મોકલે તો પરિવારનુ ગુજરાન ચલાવવું મુશ્કેલ બને છે.

જો બાળમજુરી નાબુદ કરવી હશે તો એકલા જાગૃતી કાર્યક્રમો નહીં ચાલે, આ બાબતે બાળકો માટે સરકારે જ એક સબળ યોજના બનાવવી પડશે. બાળકોને શાળાએ જવાની ઉંમરે આ દેશના આવતીકાલના નાગરિકોને પેટનો ખાડો પુરવા મજુરી કરવી પડે છે. ખેતરો, કારખાના, મીલો, હોટલો, દુકાનો વિગેરે જગ્યાએ કાળી મજુરી કરવી પડે છે. શહેર અને ગામડાઓમાં કચરો અને કાગળો વીણે છે


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# યુદ્ધવીરોનો શૃંગાર ‘કવચ’

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

આજના પરમાણુ યુગમાં આપણે ઈતિહાસકાલીન યુદ્ધોની તરફ નજર નાખીએ તો આપણને યુદ્ધના આક્રમણ અને બચાવના એ ઉપાયો આપણને વિચિત્ર લાગે છે પરંતુ યોદ્ધાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા શસ્ત્રો અને યુદ્ધ દરમ્યાન પહેરવામાં આવતો પોશાક પણ આદમકાળનો લાગે છે પરંતુ સમયના હિસાબે એમના એ ભારેખમ પોશાકો સૈનિકોને માટે અનિવાર્ય હતા. એમાંનું એક પોશાક ‘કવચ’ પણ હતું.

સામાન્ય રીતે કવચ એ યોદ્ધાઓનો શ્રૃંગાર કહેવાય છે અને યુદ્ધની વિષમભરી સ્થિતિમાં એમનું અંગરક્ષક પણ બને છે. કવચ મોંઘા હોવાના કારણે અને ધાતુમાંથી બનતા હોવાથી તેનો ઉપયોગ વિશિષ્ટ વર્ગમાં લોકો જ કરી શકતા હતા.

પાંડવો અને કૌરવોના પ્રસિદ્ધ સેનાપતિઓ જ કવચ ધારણ કરતા હતા. કેટલાક કવચો સોનામાંથી બનેલા હોય છે. એની ઉપર સુંદર મજાની કલાકૃતિઓ અંકીત કરવામાં આવે છે. કવચ પર ભારેમાં ભારે ઘા કરવામાં આવે તો પણ તેની પર કોઈ જ અસર થતી નથી.

યોદ્ધાઓના શરીર માટે વિવિધ ભાગોને ઢાંકવાને માટે અલગ અલગ કવચ હોય છે. માથાની રક્ષાને માટે ‘શિરસ્ત્રાણ’ નામનું કવચ કહેવાય છે. જે ચપટું, ગોળ, અંડાકાર અથવા તો ગુંબજ આકારનું હોય છે. શીરસ્ત્રાણ મોટા ભાગે લોખંડની ધાતુમાંથી બનાવવામાં આવે છે. કેટલાક શીરસ્ત્રાણ સોના જેવી કિંમતી ધાતુમાંથી પણ બન્યાનો ઉલ્લેખ મળે છે. સોનામાંથી બનાવેલ શીરસ્ત્રાણ કવચ પર સુંદર કોતરણી, શિકારના દ્રશ્યો તથા દેવી દેવતાના નામ અંકિત હોય છે. વચમાં એક કલગી હોય છે. યોદ્ધાના પદના આધાર પર જ શીરસ્ત્રાણની ઉંચાઈ, બનાવટ અને સુંદરતા નિર્ભર કરે છે. બંને બાજુના કાન માટે, ગાલ તથા ગરદનની પાછળના ભાગને ઢાંકવાને માટે લોખંડની નાની નાની ઝાલરો, શિરસ્ત્રાણ પર લગાડવામાં આવે છે.

નાકની રક્ષાને માટે એક પાંદડા આકારનું સાધન હોય છે. જેને ખસેડીને ઉપર નીચે કરી શકાય છે. શરીર પર પહેરવામાં આવતા કવચો અલગ અલગ જાતના હોય છે. મોગલોમાં નાની નાની લોખંડની કડીઓથી બનેલા કવચો ઘણાં જ લોકપ્રિય બન્યા હતા એને સાધારણ વસ્ત્રો પર પહેરી શકાય છે.

શિરસ્ત્રાણ સિવાય પણ શરીરના અન્ય


**અનુસંધાન પાના નં.૬ ઉપર**

### ભાજપની...
પાના નં.૧ ચાલુ

હતું કે બીજી યાદી જાહેર કરવામાં એક-બે દિવસનો સમય લાગી જશે પરંતુ ભાજપે તમામને ચોંકાવીને આજે બીજી યાદી પણ જાહેર કરી હતી. ભાજપે આજે ૩૬ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં નિકોલમાંથી જગદીશભાઈ પંચાલને ટિકીટ આપવાની જાહેરાત કરી છે. નરોડામાંથી બલરામ ખુબચંદ થાવાણીને ટિકિટ આપવામાં આવી છે. જમાલપુર ખાડિયામાંથી ભુષણ ભટ્ટને ટિકિટ આપવામાં આવી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નેતૃત્વમાં કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ અને યાદીમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવ્યા બાદ મહત્વપૂર્ણ નિર્ણય કરાયો હતો. યાદીમાં ભાજપે તમામ સમુદાયને પુરતી તક આપવાના પ્રયાસ કર્યા છે. આ યાદીમાં જાતિગત સમીકરણો પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે.ભાજપે પોતાની પ્રથમ યાદીમાં પણ તમામ સમુદાયને આવરી લીધા હતા.બીજી યાદીમાં પણ આ બાબતને ધ્યાનમાં લેવામાં આવી છે. પ્રથમ યાદીમાં ઉમેદવારો કયા સમુદાયના કેટલા છે તેના ઉપર ધ્યાન આપવામાં આવે તો પાટીદારોની સૌથી વધુ હતા. બીજી યાદીને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. જો કે, ભાજપે હજુ સુધી પાટીદાર બહુમતિવાળા વિસ્તારોમાં હજુ પોતાના પત્તા સંપૂર્ણ પણે ખોલ્યા નથી. એમ માનવામાં આવે છે કે, ભાજપ આ વિસ્તારોમાં કોંગ્રેસના નિર્ણયનો ઈંતજાર કરશે. ભાજપને આશા છે કે, ટિકિટની ફાળવણીને લઈને જો કોંગ્રેસમાં અસંતોષની સ્થિતિ ઉભી થશે તો આનો ફાયદો થઈ શકશે. ભાજપે શુક્રવારે ૭૦ ઉમેદવારોની જે યાદી જાહેર કરી હતી તેમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. અત્રે નોધનીય છે કે જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ ૨૫મી ઓક્ટોબરના દિવસે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે થશે.

### મુખ્યમંત્રી ...
પાના નં.૧ ચાલુ

તા.૨૦મી નવેમ્બરે સોમવારના રોજ દિલ્હીથી રાજકોટ આવી રહ્યા છે, જયાં તેઓ રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી રાજકોટ પશ્ચિમની બેઠક માટે ઉમેદવારીપત્ર ભરવા જવાના છે ત્યારે તેમની સાથે ખાસ હાજર રહેશે. બપોરે અરૂણ જેટલી અમદાવાદ આવશે અને બપોરે ત્રણ વાગ્યે પ્રચાર પ્રસાર સમિતિ, સંકલ્પપત્ર સમિતિ સાથે બેઠક યોજશે અને તેમને માર્ગદર્શન આપશે. ત્યારબાદ કેન્દ્રીય નાણાંમંત્રી જેટલી શહેરની કર્ણાવતી કલબના ગોલ્ડન ગ્લોરી હોલ ખાતે સમાજના બુદ્ધિજીવીઓ સાથે એક ખાસ બેઠક યોજી સંવાદ કરશે. બીજા દિવસે તા.૨૧મી નવેમ્બરે તેઓ દિલ્હી જવા રવાના થશે. ઉલ્લેખનીય છે કે, તા.૨૦મીએ સોમવારે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી પોતાનું ઉમેદવારીપત્ર ભરવા જવાના હોઇ પોલીસ દ્વારા સુરક્ષા અને સલામતીનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવાની વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રી સદ્‌ગુરૂ રણછોડદાસજી આશ્રમ, બાપ્સ સ્વામિનારાયણ મંદિર, બાલાજી હનુમાન મંદિર, માંડવી જૈન દેરાસર, પંચનાથ મહાદેવ મંદિર સહિતના ધાર્મિક સ્થાનોએ દર્શન કરી બહુમાળી ભવન(રેસકોર્સ પાસે) પહોંચશે અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી સહિત પક્ષના આગેવાનો-મહાનુભાવોની હાજરીમાં પોતાનું ઉમેદવારીપત્ર ભરશે.

### આઇકે જાડેજાને...
પાના નં.૧ ચાલુ

જેને પગલે આજે હળવદ, ધ્રાંગધ્રા, વઢવાણ સહિતના સ્થાનિક વિસ્તારોમાં ૫૦૦થી વધુ ભાજપના કાર્યકરો તેમના નેતા આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવવાની ઉગ્ર માંગણી સાથે ગાંધીનગર ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે પહોંચ્યા હતા. જયાં તેમણે એક સૂરે આઇ.કે.જાડેજાને હવે ધ્રાંગધ્રા બેઠક પરથી ટિકિટ ફાળવવા માંગણી કરી હતી. ભાજપ દ્વારા ગઇકાલે ઉમેદવારોની જાહેર કરાયેલી પહેલી યાદીમાં વઢવાણ બેઠક પરથી વર્ષા દોશીની ટિકિટ કાપી તેમના સ્થાને ધનજીભાઇ પટેલને ટિકિટ ફાળવવામાં આવી હતી. જેને લઇને સ્થાનિક ભાજપના કાર્યકરો ખૂબ રોષે ભરાયા હતા. કારણ કે, આ બેઠક પરથી આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવાશે તેવું મનાતુ હતું પરંતુ તેઓની આશા ઠગારી નીવડતાં સેંકડો કાર્યકરોમાં આક્રોશની લાગણી ભભૂકી ઉઠી હતી. આજે હળવદ, ધ્રાંગધ્રા, વઢવાણ સહિતના ક્ષેત્રોના ભાજપના ૫૦૦થી વધુ કાર્યકરો અને આઇ.કે.જાડેજાના ચુસ્ત સમર્થકો-ટેકેદારો સહિતના સ્થાનિક નાગરિકો ગાંધીનગર કમલમ્ ખાતે પહોંચ્યા હતા અને આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. તમામ કાર્યકરોએ એક સૂરે જણાવ્યું હતું કે, જાડેજાએ ધારાસભ્ય તરીકે તેમના વિસ્તારોમાં વિકાસ અને સેવા કર્યા અને સ્થાનિક નાગરિકોના પ્રશ્નો હલ કર્યા છે. એટલું જ નહી, ભાજપનું સંગઠન મજબૂત બનાવવામાં જાડેજાનો સિંહફાળો રહ્યો છે ત્યારે તેમની આ પ્રકારે ઉપેક્ષાથી અમો કાર્યકરોમાં ભારોભાર નારાજગી છે. આ યાદીમાં વઢવાણ બેઠક પરથી આઇ,કે.જાડેજાનું નામ જાહેર થવું જોઇતું હતું પરંતુ ટિકિટ ધનજીભાઇ પટેલને ફાળવી દેવાઇ છે. તેથી હવે બીજી યાદીમાં જો ધ્રાંગધ્રા બેઠક પરથી આઇ.કે.જાડેજાને ટિકિટ ના ફાળવાય તો તેમનું પત્તુ કપાઇ જાય અને તે અમે કોઇ રીતે સાંખી શકીશું નહી. રોષે ભરાયેલા સેંકડો કાર્યકરોએ ભાજપના પ્રદેશ નેતાઓને મળીને આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવવા મુદ્દે રજૂઆત કરી હતી.

### કાંકરેજ વિધાનસભા...
પાના નં.૧ ચાલુ

**તેઓ કાંકરેજ તાલુકામાં બહુમત ધરાવતા ક્ષત્રિય સમાજમાંથી આવે છે. અને હાલમાં ભાજપના પ્રદેશ કિશાન મોરચાના મહામંત્રી તરીકેનો હોદ્દો ધરાવે છે. જોકે ભાજપે તેમની કાંકરેજના ઉમેદવાર તરીકે ફરીથી પસંદગી કરતાં છેલ્લા કેટલાક સમયથી ભાજપના ઉમેદવારને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે.**

### ડીસા તાલુકાના...
અનુસંધાન 3 નુ ચાલુ..

આ સહકારી સપ્તાહમાં બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુરના માનદમંત્રી નરસંગભાઈ ચૌધરી, સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર રમેશભાઈ એમ. પટેલ, જિલ્લા સહકારી સંઘના મહિલા સમિતિના અધ્યક્ષ અને ડિરેક્ટર ઉષાબેન ડેકલીયા, મોંઘજીભાઈ, ધરપડા ગામના સરપંચ લીલાજી, ધરપડા દુધ મંડળીના ચેરમેન જોગજી સોલંકી, દૂધ મંડળીના મંત્રી રસીકજી સોલંકી, જિલ્લા સહકારી સંઘના મહિલા સી.આઈ. ફાલ્ગુનીબેન પટેલ, ભરતભાઈ મેવાડા તેમજ ગ્રામજનો મંડળીના સભાસદો હાજર રહ્યા હતા. અને ઉત્સાહભેર સહકારી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

### અનેક રાજ્યોમાં...
અનુસંધાન 3 નુ ચાલુ..

જેથી આ રાજ્યોમાં રહેલા ઘરમાં વીજળી પહોંચાડી દેવાની બાબત સરળ છે. આંધ્રપ્રદેશ, ગોવા, ગુજરાત, કેરળ, પંજાબ, તમિળનાડુ, પુડુચેરી એવા રાજ્ય છે જ્યાં દરેક ઘરમાં વીજળી પહોંચાડી દેવાનુ કામ પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે. ઉર્જા મંત્રાલય દ્વારા તમામ આંકડા જારી કરવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં કરોડો ઘર હજુ એવા છે જ્યાં અંધારપટની સ્થિતી છે. બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તિસગઢ સહિત અનેક રાજ્યોમાં આ ટાર્ગેટને હાંસલ કરવાની બાબત મુશ્કેલરૂપ છે. જો કે વર્ષ ૨૦૧૮ સુધી તમામ ઘરમાં વીજળી પહોંચાડી દેવાનુ કામ પૂર્ણ કરવામાં આવનાર છે. રાજસ્થાનમાં ૨૦ લાખ લોકો હજુ અંધારપટ હેઠળ રહે છે. દેશના તમામ ઘરમાં વીજળી પહોંચાડી દેવા માટે સરકાર ડિસેમ્બર ૨૦૧૮ની સમયમર્યાદા નક્કી કરી ચુકી છે. હાલમાં પણ ચાર કરોડથી વધારે ઘરમાં વીજળી નથી.ઉર્જા મંત્રાલય દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા બાદ સંબંધિત મંત્રાલયને આ દિશામાં વધુ ઝડપથી કામ કરવાની ફરજ પડી શકે છે. કારણ કે કરોડો મકાનો એવા છે જ્યાં વીજળી પહોંચાડી દેવાનુ કામ બાકી છે.

### ત્રીજી ડિસેમ્બરે...
અનુસંધાન 3 નુ ચાલુ..

જેમણે હિન્દુ સંસ્કૃતિ અને રાજપૂત સમાજના ગૌરવ અને સન્માન માટે ૧૬ હજાર મહિલાઓ સાથે ચિતોડગઢમાં ઈ.સ.૧૩૦૩માં જોહર (અગ્નિસ્નાન) કર્યું હતું એ મહાસતી પદ્માવતી અને અલાઉદ્દીન ખિલજી વિશે ઈતિહાસને તોડી મરોડી ભણશાલીએ ફિલ્માંકન કર્યું છે અને તેથી રાજપૂત સમાજ કોઈપણ સંજોગોમાં ફિલ્મને રિલીઝ નહી થવા દે. તેમણે વધુમાં ઉમેર્યું કે, પદ્માવતી ફિલ્મના વિરોધમાં ગૌરવ સ્વાભિમાન સભા દ્વારા તા.૨૫મી નવેમ્બરે સુરત, તા.૨૬મીએ ધાનેરા, તા.૨૭મીએ આણંદ, તા.૨૮મીએ કાંકરેજ, તા.૨૯મીએ રાજકોટ અને તા.૩૦મીએ ભુજ ખાતે આંદોલન કાર્યક્રમો યોજાશે અને છેલ્લે તા.૩જી ડિસેમ્બરે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વિશાળ મહાસંમેલન યોજાશે.

### ધાનેરામાં ખનીજ...
પાના નં.૮ ચાલુ

ક્યારેય આ બંધ થાય તેમ નથી. આ અંગે કમલેશભાઇ પટેલે જણાવેલકે આ તો મોટુ ખનન કૌભાંડ છે. જેમાં તમામ વિભાગોથી લઇને ઉપર સુધીના હાથ હોવાના કારણે આ ચોરી બંધ થાય તેમ નથી. ખનીજ વિભાગ, મહેસુલ વિભાગ તેમજ પોલીસ વિભાગની રહેમ નજર હેઠળ આ મોટુ કૌભાંડ ચાલી રહેલુ છે. આ જીલ્લાનો વિકાસ નથી પરંતુ આ અધી-કારીઓના ખીસ્સાનોતો જરુર વિકાસ છે. રોજની ૨૦૦ ટ્રકો ધાનેરાથી પસાર થાય છે.

ધાનેરા થી રાજસ્થાન માં બનાસની રેતીને ગેરકાયદેસર લઈને રોજની ૨૦૦ જેટલી ટ્રકો પસાર થાય છે. અને ગુજરાત સરકારને રોયલ્ટીનુ મોટુ નુકસાન થઇ રહ્યુ છે. આ બાબતે પગલા ભરવા જરુરી છે. નવગુજરાતસમય માં સમાચાર આવતાં આ અધી-કારીઓએ રેતી ભરેલ ટ્રકો પકડવાની જગ્યાએ ધાનેરામાં મકાનનુ પુરાણ કરવા જતા માટી ભરેલ ડમ્પરો પકડીને જાણે મોટો વાઘ માર્યો હોય તેવો રોફ જમાવ્યો હતો.

### રાધનપુરમાં રૂ.૭૫...
પાના નં.૮ ચાલુ

રૂ.૭૫ લાખના ખર્ચે તૈયાર થયેલા ગૌરવપથનું કચ્ચરઘાણ નીકળી ગયું છે,ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટર દ્વારા આ ગૌરવપથ ઉપર જલારામ સોસાયટીની આગળ, પોસ્ટ ઓફિસ આગળ, લાલબાગના નાકે તેમજ અન્ય કેટલીક જગ્યાએ ભૂગર્ભ ગટરના કનેકશનો આપવા માટે આડેધડ ખોદકામ કરી નાખ્યું, પાલિકા દ્વારા અવાર-નવાર નોટિસો આપવા છતાંય ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરો દ્વારા જોહુકમી જ ચલાવવામાં આવે છે,અને મનફાવે તેમ કામ કરવામાં આવે છે,આ ઉપરાંત પાલિકા દ્વારા પણ ગૌરવપથ બનાવ્યા પહેલા ભૂગર્ભ ગટરના ચેમ્બર ઊંચા ના લેતા રોડ તૈયાર થયા પછી રોડ ઉપર ખોદકામ કરીને ચેમ્બરોના ઢાંકણા ઊંચા લેવાયા છે, જેમાં ગૌરવપથનો કચ્ચરઘાણ નીકળી ગયો છે, રૂ.૭૫ લાખ ખર્ચવા છતાંય ભૂગર્ભ ગટરના અણઆવડત ભરી કામગીરીને કારણે આજે ગૌરવપથ ઉપર ચાલવા માટે વાહનચાલકો અને રાહદારીઓને ચાલવા માટે ફાંફા પડી રહ્યા છે,કેટલીક વાર તો વાહનચાલકોને ભોંયભેગા પણ થવું પડે છે,

પાલિકાના ઉપપ્રમુખ અરવિંદભાઈ તન્નાના જણાવ્યા મુજબ ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરોને અવાર-નવાર નોટિસો આપવા છતાંય કોઈ જ વાત ધ્યાને લેતા નથી,કારણકે તેમને પાલિકા દ્વારા ચુકવણું કરવાનું હોતું નથી,પાણીપુરવઠા વિભાગના અંડરમાં કામગીરી ચાલે છે,અને પાણીપુરવઠા વિભાગને કઈ જ પડી નથી.આ ઉપરાંત પાલિકાના અણઘડ વહીવટના કારણે પણ શહેરના નવા બનાવેલા અસંખ્ય રસ્તા તૂટી જવા પામ્યા છે.

### ડીસા સહિત...
પાના નં.૮ ચાલુ

અચાનક બે દિવસથી ઠંડીનું જોર વધતા પ્રજાજનોને પણ સ્વાસ્થ્ય પર પણ અસર પડી છે. જેમાં ખાસ કરીને નાના બાળકો તથા વયોવૃધ્ધ લોકોને પ્રથમ ઠંડીમાં જ ખાંસી , શરદી અને તાવની અસર જોવા મળી રહી છે. ત્યારે આગામી દિવસોમાં પ્રજાજનો ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોની ખરીદી કરી રહ્યા છે.

### ડીસામાં...
પાના નં.૮ ચાલુ

ધમધમતુ રહે છે. વધુમાં અહી જિલ્લાનુ સૌથી મોટુ માર્કેટયાર્ડ આવેલુ હોવાથી બહારથી માલભરીને આવતા વાહનોથી વિશેષ અસર જવર રહે છે. આ ઉપરાંત બનાસનદીની રેતી ગુજરાત, રાજસ્થાન તેમજ મહારાષ્ટ્રમાં વખણાતી હોઈ દિન - રાત ડમ્પરોની અવર જવર રહે છે. અંદાજીત દોઢ લાખથી વધુ વસ્તી ધરાવતા અને ૧૦ કીમીની ત્રિજ્યામાં વિસ્તરેલા ડીસા શહેરના આ નેશનલ હાઈવે ઉપર ઓવર બ્રિજ ન હોવાથી જલારામ મંદિર, ગાયત્રી મંદિર, એરપોર્ટ ચાર રસ્તા તથા માર્કેટયાર્ડ ત્રણ રસ્તા ઉપર વારંવાર ટ્રાફિક જામના દશ્યો જોવા મળે છે. જેના કારણે શાળામાં ભણતા વિદ્યાર્થીઓ તથા નોકરીયાત લોકો પોતાનો સમય સાચવી શકતા નથી. તો હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ પણ કેટલીકવાર અટવાઈ જતા હોય છે. દર્દીઓને ઉચકીને હોસ્પિટલમાં લઈ જવાતા હોય તેવા પણ અનેક કિસ્સા છે. જોકે, શહેરમાં ટ્રાફિક સમસ્યા નિવારવા ટ્રાફીક તંત્ર દ્વારા અથાગ પ્રયાસો થાય છે. પરંતુ નેશનલ હાઈવે ઓથોરીટી હાઈવેની ડીઝાઈન બદલવા તૈયાર ન હોઈ ટ્રાફિક સમસ્યાનો યોગ્ય નિકાલ લાવી શકાતો નથી. ટ્રાફિકના કારણે જ અનેક નિર્દોષ બાળકો, યુવાનો તથા મહિલા અને પુરૂષો મોતના મુખમાં ધકેલાય છે. જોકે હવે સામાજીક સંસ્થાઓ અને અગ્રણીઓ નેશનલ હાઈવે ઉપર ઓવર બ્રિજ બનાવવાની માંગ લઈ આગળ આવ્યા છે. ત્યારે આગામી સમયમાં સરકાર દ્વારા આ બાબતે યોગ્ય નિર્ણય નહી લેવાયતો શહેરીજનો જલદ આંદોલન કરવા પણ મક્કમ જણાઈ રહ્યા છે.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

રીંગણના શાકમાં બરાબરનું મીઠું નાખનાર પત્નીને પણ ઝુડી શકાતી નથી પણ મારી વાત આધારકાર્ડની છે..

પેટ્રોલપંપ વાળો અને ભરાવનારા વચ્ચે બથંબથ્થા થઈ ત્યારે પંપવાળાએ કહ્યું આજકાલ લોકો ક્રાઈમ કરતા થઈ ગયા છે સહેજ મારામારી થાય કે સામેવાળાનું કુટી નાખવાનું ચલણ વધી ગયું છે અને માણસને બાળી મુકવા વાટકી પેટ્રોલ હોય તો ય ભયો.. અને તમો તો રોજ ચાલીસ કે ત્રીસ રૂપિયાનું ભરાવો છો.. આજે સોનું ભરાવો છે.. એટલે અમારે આધારકાર્ડ માંગવું પડે.

પેલો ભાઈ હેં.. કરી ગયો.

બાકી આધારકાર્ડની બોલબાલા વધી જવાની, પરણવા જાવ તો નોંધણી કરાવો એમાં આધારકાર્ડ રજુ કરો. છુટાછેડાની અરજી તો આધારકાર્ડ નંબર નાખો.. બેંકમાં પૈસા ભરવા ગયા આધારકાર્ડ લાવો.. પૈસા ઉપાડવા ગયા આધારકાર્ડ લાવો.. રેલ્વેમાં ટીકીટ લેવા કે વિમાનમાં પ્રવાસે ઉપડયા તો આધાર લાવો..

આધાર હશે તો આધાર રહેશે નહીં તો નિરાધાર થઈ જશો.. મકાન ભાડે રાખવા જશો તો મકાન માલિક આધારકાર્ડ માગશે.. નહીં હોય તો તમને ભાડે મકાન નહીં મળે.. વાહ આધાર.. આહ આધાર થઈ જવાનો..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

જાહેર સ્થળોએ બુટ પોલીશ કરે છે એસટી ડેપોમાં૮ થી ૧૦ વર્ષના બાળકોને બુટ પોલીશ કરતા નજરે પડે છે તો કેટલાક ભીખ માગવાનો ધંધો કરે છે.

દેશમાં પ્રતિબંધિત વ્યવસાયો, દારૂખાનાની ફેકટરીઓ, કાચ કે બંગડી ઉદ્યોગ, ઈંટોના ભઠ્ઠા, નગરોમાં વેશ્યાગૃહોથી માંડીને ઘર નોકર તરીકે આ દેશનું બચપણ કમરતોડ મજુરીમાં પિસાઈ પીડાઈ રહ્યું છે.

બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોના અનુચ્છેદ ૩૯ (ચ) માં બાળકોના સ્વતંત્ર અને તેમનો યોગ્ય વિકાસ અને શોષણ નાબુદીની જોગવાઈ છે. બાળકો અને સ્ત્રીઓના અધિકારોની રક્ષા અંગે યોગ્ય કાયદો બનાવવાની રાજયોને સત્તા આપવામાં આવી છે તે મુજબ આઝાદી પુર્વે અને પછીના બાર જેટલા કાયદાઓ દ્વારા બાળ કલ્યાણ માટેની અને બાળમજુરી પર પ્રતિબંધ મુક્તિ કાનુની જોગવાઈઓ કરવામાં આવી છે. તેમ છતાં તેનો મહત્તમ ઉપયોગ જે થવો જોઈએ તે પર અધિકારીઓ બે ધ્યાન રહ્યા છે અને તેઓ પોતાની મરજી અનુસાર ફરજ બજાવી રહ્યા છે છતાં બાળશ્રમિકોનો પ્રશ્ન આજે પણ જૈસે થે બનીરહેવા પામ્યો છે.

દેશની આવતી કાલ માટે જીવનભર મુરઝાતા માસુમ ગરીબ બાળકોને સરકારે વ્યુહાત્મક નીતિ ઘડવી જોઈએ. જેથી તેમનું જીવન જે હોટલ, ચાની લારી કે કોઈ કારખાનામાં ઝેર સમું બની ગયું છે તેમાંથી બચાવી શકાય. આવા ધંધાકીય સ્થળોએ સરકારે કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ અને બાળકોની આવતીકાલમાં બદલાવ લાવવાના પ્રયત્નો કરવા જોઈએ. આ બધું માત્ર કાગળ પરનું ચિતરામણ ન બની રહે તે હવે જોવાનું રહ્યું..

મધ્યપ્રદેશને કર્ણાટકમાં આદિવાસી વિસ્તારોમાં ગરીબ મહિલાઓ જે પોતાના બાળકોને ૫૦૦-૧૦૦૦ માં વેચી મારતા હોય અને ૧૫-૧૬ વર્ષની છોકરીઓનો દસ હજારમાં સોદો કરી વેચી મારે છે. તેવા વિવાદોની સમીક્ષા થવી જોઈએ..બાળ અને મહિલા વિકાસ મંત્રાલયના અધિકારીઓએ તેમની આંખો પર બેતાલા ચશ્મા ઉતારી આ બંને રાજ્યોમાં જાતે તપાસકરાવે તો દારૂણ ગરીબીમાં સબડતા જે પોતાના માસુમ બાળકોની લીલામી કરે છે તેમની વિરૂધ્ધ પગલાં ભરવા જોઈએ. અને બાળકોને બાળ સુરક્ષા ગૃહમાં મુકી તેઓ પોતાનું નવજીવન જીવી શકે તેવા પ્રયાસો કરવામાં આવશે તો ઘણા બાળકોને-આવતીકાલના દેશના નાગરિકોને બચાવી શકાશે.

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

ભાગોને ઢાંકવાને માટે અલગ અલગ કવચ જોવા મળતા હતા. નાની નાની સાંકળોથી બનેલ કવચ 'લૌહજાળ' નાની નાની કડીઓથી બનેલ કવચ 'લૌહ જાલીકા' નક્કર લોખંડમાંથી બનેલ કવચ 'લૌહયહ' અને કડીઓ પર જડેલ લોખંડની ચાર પ્લેટોથી બનેલ કવચ ચાર આઈના તથા સુતર જાકીટવાળું કવચ 'સૂત્રક' કહેવાય છે.

ગરદનની રક્ષાને માટે 'કંઠ ત્રણ' પીઠ અને પેટ પર ખમીશની જેમ પહેરાતું કવચ કંચૂક હાથોની રક્ષાને માટે મોજા આકારનું કવચને 'નાગોદરિકા' પગને માટે 'જીરા પાઈજામા' પંજાને માટે જુતાની ઉપર 'પદત્રાણ' પહેરવામાં આવતા હતા. આ બધા કવચ લોખંડની કડીઓમાંથી બનાવવામાં આવતા હતા. એની નીચે સુતર અથવા મખમલી કાપડનું અસ્તર પણ લગાવેલું હોય છે.

યોદ્ધાઓની માફક યુદ્ધમાં કામમાં આવતા પશુઓને પણ કવચ-બખ્તર પહેરાવીને તેની રક્ષા કરવામાં આવે છે. ઘોડાની પીઠ પર રક્ષાને માટે લોખંડની ચાદર જેવી લાંબી ઝાલર હોય છે. જેને પીઠક,પીઠમર્દ, ખલીન, અશ્વાસ્ત્ર પરિસ્તોમ તથા રાંકવા જેવા નામોથી સંબોધિત કરવામાં આવે છે. ઘોડાની ગરદનની લઈને પીઠ પર થઈને પુંછડી સુધીનો ભાગને ઢાંકવામાં આવે છે. જેની ઉપર કાઠી રાખવામાં આવે છે.

હાથીને માટે 'કક્ષ્યા' નામનું એક મોટું, ભારે અને લાંબુ કપડું હોય છે. જેની પર પિત્તળના પાંદડા આકારની અનેક પાંદડીઓ જડેલી હોય છે. સુંઢને ઢાંકવાને માટે 'સુંડલોહ' તથા મસ્તકની રક્ષાને માટે 'ગોલપટ્ટી' ગળાની રક્ષાને માટે 'ક્ષુરપ્રમાલા' પીઠ પર હૌદા અને પાછળના ભાગની રક્ષાને માટે 'વાર્મ' અથવા 'તોત્ર' હોય છે. યુદ્ધમાં લડનાર હાથીની બંને બાજુ ભારે થેલા લટકાવેલા હોય છે. જેમાં હથિયારો મુકેલા હોય છે. કિલ્લાની દિવાલ અને દરવાજા તોડવા માટેના હાથીઓના મસ્તક પર લાંબી, મોટી અને અણીદાર ખીલાઓ જડેલા હોય છે. તેને ચક્ર પણ પહેરાવવામાં આવે છે. તેમના પગમાં લોખંડની ગોળ ઘાટવાળી વાડકીઓ પહેરાવવામાં આવે છે. જેથી શત્રુઓ દ્વારા ફેંકવામાં આવેલ અણીદાર હથિયારોમાંના ખીલાઓ હાથી માટે અવરોધક ના બને.

ઊંટોની રક્ષાને માટે વિશેષ પ્રબંધ હોતો નથી પરંતુ લોખંડની ઝાલર અને લાકડાનો એક વિશેષ પ્રકારનો 'ઊંટ હોદા' બેઠક પ્રયોગમાં લેવામાં આવે છે. વર્તમાન યુગમાં યુદ્ધની પ્રક્રિયા બદલાઈ ગઈ છે. જેના ફળ સ્વરૂપે કવચના રૂપોમાં પણ ઘણો બદલાવ આવ્યો છે. છેવટે રણના મેદાનમાં દોડતી મોટી મોટી ટેન્કો પણ એક જાતનું કવચ જ છે ને!

**કમલેશ કંસારા**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૧૦૦-૪૦૪૦૦**
રૂપુ કાચું ૪૦૨૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૪૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૨૮૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૪૦
સીંગતેલ૧૫ કી. ૧૫૩૦-૧૫૪૦
સીંગતેલ ૧૫ લી.૧૪૨૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૧૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૦૬૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૩૦૦૦
૫ કે. કોપરેલ૧૦૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫-૪૬૮
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦

ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦

મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૦૦૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૧૦૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૫૦૦-૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૪૦૦-૫૦૦
ટામેટા ૭૦૦-૮૦૦
ભીંડા ૬૦૦-૭૦૦
કોબી ૪૦૦-૪૪૦
વટાણા ૧૧૦૦-૧૨૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૬૦૦-૮૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

Website : www.rakhewaldaliy.com E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ


## ૧૬-રાધનપુર અને ૧૮-પાટણ વિધાનસભા મત વિભાગ માટે કેન્દ્રીય ઓબ્ઝર્વર મૂકાયા

પાટણ

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે.પટેલે મિડીયા સેન્ટરની મુલાકાતમાં જણાવ્યું છે કે, જિલ્લામાં યોજાનાર વિધાનસભા ચૂંટણી માટે ૧૬-રાધનપુર વિધાનસભા મતદાર વિભાગ માટે કેન્દ્રીય ચુંટણી ઓબ્ઝર્વર તરીકે ડૉ. પ્રીતમ બી.યશવંત (આઇએ.એસ.)અને ૧૮-પાટણ વિધાનસભા મતદાર વિભાગ માટે સરદાર સ્વર્ણજીતસિંહજી (આઇ.એ.એસ.) નિયુક્ત કરાયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે તા. ૧૪ ડીસેમ્બર-૨૦૧૭ના રોજ યોજાનાર ચૂંટણી માટે મતદાન પ્રક્રિયામાં સંકળાયેલા ૭૦૦૦અધિકારી-કર્મચારીઓને ચૂંટણી અંગેની પ્રક્રિયાથી માર્ગદર્શિત કરવા માટે તમામ ચાર વિધાનસભા મતદાર વિભાગમાં સબંધિત નિર્વાચન અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તાલીમ અપાઇ રહી છે.

## પાટણમાં લાખુખાડ વિસ્તારમાં રીક્ષા બાઈકને અથડાતા બે ને ઈજા

પાટણ

પાટણમાં લાખુખાડ વિસ્તારથી પીંડારીયાવાડ તરફ જવાના રસ્તા પર બાઈક અને રીક્ષા અથડાતા બે જણાને ઈજા થવા પામી હતી. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં લાખુખાડ વિસ્તારમાં દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા ગંભીર બનતી ગઈ છે ત્યારે ગત રવિવારે સાંજે મહેસાણાના રીક્ષા ચાલક અંબુભાઈ મિસ્ત્રી પોતાની રીક્ષા લઈ લાખુખાડથી પીંડારીયાવાડ તરફ જઈ રહ્યા હતા ત્યારે સામેથી બેફામ રીતે આવતી રીક્ષા અથડાઈ પડતા રસ્તામાં ચાલીને જતા બે લોકોને ઈજા થઈ હતી. અત્રે નોંધવુ ઘટે કે પીંડારીયાવાડના ત્રણ રસ્તા પર બમ્પ ન હોવાના કારણે આંતરે દિવસે અકસ્માતનો બનાવ બને છે. પાલિકા દ્વારા બંને રસ્તા તરફ બમ્પ બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## પાટણ જિલ્લાના ૪૨બેંક ડિફોલ્ટર્સ પાસેથી રૂ. ૪૦ કરોડ વસૂલ કરવાનો કલેકટરનો આદેશ

પાટણ

પાટણ જિલ્લામાં વિવિધ બેંકોની લોન લઈ તેને વસુલઆપવામાં ગંભીર અનિયમિતતા દાખવતા ૪૨ જેટલા ડિફોલ્ટર્સ સામે જિલ્લા કલેકટર આનંદ પટેલે નાણાકીય સલામતી હિતઅધિનિયમ હેઠળ સખ્ત કાર્યવાહી કરી તેમની પાસે બાકી રહેલા રૂપિયા

૪૦ કરોડ બેંકીગ કરજને વસૂલ કરવાનો હુકમ કર્યોછે. બેંકો દ્વારા લાંબા સમયથી પડતર રહેલા વસુલાતના કેસો બાબતે કલેકટરને વિદિત કરતાં કલેકટરે સખ્તાઇ દાખવી બાકીદારો પાસેથી બાકી રકમ વસૂલ કરવા માટે આદેશ કર્યો છે. રાષ્ટ્રીયકૃત બેંકો સહિત સહકારી અને અન્ય બેંકોની લાંબાગાળાની પેન્ડિંગ રહેલી વસુલાત માટેના આદેશ કરાતાં બેન્કોએ પણ સંતોષ વ્યક્ત કર્યો છે.

## પાટણમાં બે આખલાઓ યુધ્ધે ચડતા ૩ રીક્ષાને અડફેટે લેતાં મચેલી નાસભાગ

પાટણ

પાટણમાં મોટા ચાચરીયા નજીક લાલાતુતની વાડીના ત્રણ રસ્તા પર બે આખલાઓ યુધ્ધે ચડતા ત્રણ રીક્ષાને અડફેટે લેતા નાસભાગ મચી જવા પામી હતી. આ બનાવમાં ત્રણ જણાને સામાન્ય ઈજા થવા પામી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં દિવસે દિવસે રખડતાં ઢોરની સમસ્યાથી લોકો પરેશાન થઈ રહ્યા છે. બાળકો અને વૃધ્ધોને ગાયે શીંગડે ચડાવી ઈજા કરી હોવાના બનાવો અનેકવાર બન્યા છે

ત્યારે ગત બુધવારે સાંજે લાલાતુતની વાડી ત્રણ રસ્તા પર બે આખલાઓ યુધ્ધે ચડતાં ત્રણેક રીક્ષાઓને અડફેટે લેતાં નાસભાગ મચી જવા પામી હતી. રસ્તા પરથી જતા આવતા લોકો વેપારીઓની દુકાનોમાં દોડી ગયા હતા. આ બનાવમા એક મહિલા સહીત ત્રણ જણાને સામાન્ય ઈજા થઈ હતી.

## વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| **લાખણી** | |
| રાયડો | ૬૫૧-૬૮૧ |
| ર.બાજરી | ૩૦૦-૩૬૦ |
| ચીકુડી | ૭૦૦-૭૮૬ |
| બાજરી | ૨૬૦ |
| મગફળી | ૫૦૦-૭૭૮ |
| ગવાર | ૬૬૦-૬૭૭ |
| તલ | ૧૬૦૦-૧૬૮૦ |
| એરંડા | ૮૩૨-૮૫૪ |
| કપાસ | ૮૭૦-૮૮૦ |
| ચોળી | ૬૬૨-૬૬૫ |
| **થરાદ** | |
| રાયડો | ૬૮૫-૭૧૫ |
| એરંડા | ૮૪૬-૮૫૪ |
| મગફળી | ૬૨૫-૭૫૦ |
| મગ | ૬૦૦-૯૦૦ |
| ગવાર | ૬૫૫-૬૯૭ |
| તલ | ૧૩૮૮-૧૪૦૦ |
| જીરુ | ૨૭૦૦-૩૬૮૧ |
| મઠ | ૫૮૦-૬૧૮ |
| રજકાબાજરી | ૩૪૫-૩૭૯ |
| ઈસબગુલ | ૧૭૦૦-૧૯૫૦ |
| **રાહ** | |
| રાયડો | ૬૯૦-૭૦૦ |
| એરંડા | ૮૨૫-૮૩૫ |
| રજકાબાજરી | ૩૨૦-૩૪૫ |
| **પાટણ** | |
| જીરૂ | ૩૩૫૦-૩૫૭૫ |
| વરી. | ૯૫૦-૧૧૩૧ |
| મેથી | ૩૮૦-૫૧૧ |
| ઘઉં | ૩૧૫-૩૫૫ |
| બાજરી | ૨૩૫-૨૮૬ |

| | |
|---|---|
| 'બંટી | ૩૨૦-૩૩૫ |
| જવ | ૩૧૦-૩૪૭ |
| કપાસ | ૮૯૫-૯૩૮ |
| મગ | ૬૫૦-૭૫૦ |
| સુવા | ૮૦૦-૯૦૨ |
| અડદ | ૬૮૦-૮૮૭ |
| ગવાર | ૬૪૫-૭૪૬ |
| મગફળી | ૬૫૦-૭૭૫ |
| અજમો | ૮૦૦-૮૭૧ |
| રાયડો | ૬૦૦-૬૭૭ |
| એરંડા | ૮૨૬-૮૬૪ |
| તલ | ૧૦૯૧-૧૫૧૧ |
| **થરા** | |
| જીરૂ | ૩૧૧૧-૩૫૧૫ |
| એરંડા | ૮૫૦-૮૫૫ |
| તલ | ૧૩૦૦-૧૪૮૭ |
| રાયડો | ૬૬૦-૬૭૦ |
| વરી. | ૮૫૦-૯૩૧ |
| ગવાર | ૬૫૦-૬૯૩ |
| ઘઉ | ૩૧૦-૩૪૫ |
| બાજરી | ૨૨૫-૨૬૨ |
| અડદ | ૭૦૦-૭૭૨ |
| મગફળી | ૯૦૦ |
| **સિદ્ધપુર** | |
| રાયડો | ૬૩૫-૬૭૩ |
| એરંડા | ૮૨૦-૮૫૯ |
| અડદ | ૫૧૦-૮૪૫ |
| ગવાર | ૬૩૦-૬૯૬ |
| ઘઉં | ૩૨૨-૩૩૦ |
| બાજરી | ૨૦૬-૩૦૦ |
| જવ | ૩૫૨-૩૮૪ |
| કપાસ | ૮૬૦-૯૩૯ |

## પાટણ જિલ્લામાં ઈવીએમ વીવીપેટ મોક પોલીંગ અભિયાન સંપન્ન




પાટણ

પાટણ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ચૂંટણી પંચની સુચના મુજબ જિલ્લા ચૂંટણીતંત્ર જિલ્લાના દરેક તાલુકા મથકે તાલુકા સેવા સદનમાં અને જિલ્લા સેવા સદન ખાતે તારીખ ૦૧ નવેમ્બર-૨૦૧૭ થી તારીખ ૧૫ નવેમ્બર-૨૦૧૭સુધી મોક પોલીંગ અભિયાન મતદાતા જાગૃતિ માટે હાથ ધરાયું હતું. તાલુકા કક્ષાએ ૯અને જિલ્લા સેવા સદન ખાતે ૧ મળી કુલ ૧૦ મોકપોલિંગ બૂથ પર મતદાતાઓને વીવીપેટ ઉપકરણની કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શિત કરાયા હતા. દૂરદરાજના ગામોમાં મતદાતા જાગૃતિ રથ ઉપરાંત મોકપોલીંગ અભિયાનને સારો પ્રતિસાદ સાંપડયો હોવાનું નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે પટેલે મિડીયા સેન્ટરને જણાવ્યું હતું.

## ઈડર ખાતે પોલીંગ સ્ટાફને માર્ગદર્શન આપતા જિલ્લા ચૂંટણી અધિકારી


સતીષ ભટ્ટ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આગામી સમયમાં યોજાનાર છે ત્યારે જિલ્લામાં ચૂંટણી પક્રિયા સાથેસંકળાયેલા પોલીંગ સ્ટાફ નિષ્પક્ષ અને મુક્ત વાતાવરણમાં કામ કરી શકે તે માટે ઇડર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પી.સ્વરૂપની અધ્યક્ષતમાં બેઠક યોજાઇ હતી.જેમાં પોલીંગ સ્ટાફને મતદાનના દિવસે કરવાની થતી કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું આ સમયે ઈડર પ્રાંત અધિકારી એ.જે.દેસાઇ સહિત અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## ચૂંટણીમાં મતદાતાઓને પ્રલોભન આપવા બાબત પર જિલ્લા ચૂંટણી તંત્રનો ચુસ્ત પ્રતિબંધ

પાટણ

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ પાટણ જિલ્લામાં સમાવિષ્ટ ૧૬-રાધનપુર, ૧૭-ચાણસ્મા ૧૮-પાટણ તથા ૧૯- સિધ્ધપુર વિધાનસભા મત વિભાગમાં તા ૧૪/૧૨/૨૦૧૭ ના રોજ યોજાનાર છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ વ્યક્તિ મતાધિકારનો ઉપયોગ કરવા માટે રોકડ ચીજ-વસ્તુસ્વરૂપે પ્રલોભનો આપે કે સ્વીકાર કરે તો તે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૧-ખ મુજબ એક વર્ષની કેદઅથવા દંડ કે બંને સજાને પાત્ર બને છે તેમ જિલ્લા વિકાસ અધિકારી એવં ચૂંટણી ખર્ચ મોનિટરિંગ સેલનાનોડલ અધિકારી રાજેશ રાજગુરુએ જણાવ્યું છે.વધુમાં કોઈ વ્યક્તિ કે જે મતદાર, ઉમેદવાર કે અન્ય વ્યક્તિને ધમકી આપે, કોઈપણ પ્રકારની ઈજાપહોંચાડે, તો તે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૧-ગ મુજબ એક વર્ષની કેદ અથવા દંડ કે બંને સજાનેપાત્ર બને છે.શીઘ્ર કાર્ય ટુકડીઓની રચના લાંચ આપનાર અને લેનાર બંને સામે કેસ નોંધવા અને મતદારોનેકેસ નોંધવવા અને મતદારોને ડરાવનાર કે ધાક-ધમકી આપનાર સામે પગલા લેવા માટે કરવામાં આવેલીછે. આથી નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, લાંચ લેવાથી દૂર રહેવું અને જો કોઈ વ્યક્તિ લાંચનીઓફર કરે કે લાંચ, મતદારોને ડરાવવા, ધમકાવવાના કેસોની તેમને જાણ હોય તો તે અંગેની ફરિયાદો સ્વીકારવા માટે જિલ્લામાં ઊભા કરેલા ચોવીસ કલાક ફરિયાદ દેખરેખ-નિયંત્રણ ખંડ, ટોલ ફ્રી ટેલિફોન નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૨૭૬૬ પર જાણ કરી શકે છે તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## વારાહીમાં મતદાન જાગૃતી અભિયાન અંતર્ગત બાળકો દ્વારા ગામમાં રેલી નીકળી

વારાહી

સાંતલપુર તાલુકાના વારાહી ગામની શ્રી.એસ.ડી. આચાર્ય પ્રાથમિક શાળા વારાહીમાં મતદાન જાગૃતી અભિયાન અંતર્ગત ધો.૬ થી ૮ બાળકો દ્વારા ગામમાં રેલી કાઢીને મતદાન અંગે જાગૃતી ફેલાવવનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાં શાળાના બાળકોએ લોકશાહી આપણાથી વોટ કરો ગર્વથી, મત દાન મહાદાન, અમારો પરીવાર કરે છે મત દાન તમે પણ જરૂર આપજો ધ્યાન. જેવા સ્લોગનો દ્વારા મતદાન મહત્વ અંગે લોકેને જાગૃત કરવામાં આવ્યા. શાળા દરેક બાળકના વાલિઓ પાસે સંકલ્પ પત્ર ભરવવામાં આવ્યા તથા વિધાનસભા-૨૦૧૭ ની આગામી ચૂટણીમાં વધુમાં વધુ મતદાન થાય અને લોકશાહીનું આ પર્વ દબદબા ભેર નિર્ભય અને નિષ્પક્ષ ઉજવાય તેવો લોકો સુધી સંદેશ પહોંચડવામાં આવ્યો.આવ્યો.શાળાના પ્રમુખ ફરસુભાઇ ગોકલાણી તથા શાળાના આચાર્યશ્રી દેવીસિંહ આર.પરમાર એ મતદાન અંગે વિશેષ માર્ગદર્શન આપેલ.

## પાટણમાં છીંડીયા દરવાજાનો ઉબડ ખાબડ રોડ પુનઃ પેવર બનાવવા લોકમાંગ

પાટણ

પાટણમાં છીંડીયા દરવાજાથી શીતળા માતાના મંદિર સુધીનો સમગ્ર મુખ્ય રોડ છેલ્લા કેટલાય વર્ષોથી ઉબડ ખાબડ થઈ જતાં વાહન ચાલકો અને આસપાસની સોસાયટીના લોકોને પોતાના વાહન સાથે નિકળવું મુશ્કેલ બન્યું છે. રોડ પર ઠેરઠેર ખાડા પડી ગયા છે. બંને સાઈડો તુટી જવા પામી છે. ત્યારે આગળના ચાર રસ્તા પર આવેલ સરકારી પુસ્તકાલય પાસેના રોડ પણ તુટી ગયો છે. પાટણ નગરપાલિકા દ્વારા શહેરમાં વિકાસને લગતા ઘણા કામો થાય છે. પરંતુ જે જરૂરી રોડને પેવર બનાવવા જોઈએ તે બનાવવામાં આવતા નથી. છીંડીયા દરવાજા વિસ્તારમાં સવારથી મોડી રાત્રિ સુધી વાહનોની વિશેષ અવરજવર રહેતી હોય છે. ત્યારે ઘણા દર્શનાર્થીઓ શીતળા માતા, સિધ્ધનાથ મહાદેવ, ભૈરવ દાદાનું મંદિર તેમજ લાલેશ્વર મંદિરે આવતા જતા હોય છે. ત્યારે તેમના વાહનો રસ્તામાં ખોરવાતા હોય છે અને તેમાંય રાત્રે નિકળવું મુશ્કેલ બને છે. ક્યારેક સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી દ્વિચક્રી વાહન સ્લીપ થઈ જતા હોય છે. આથી સદર રોડ પેવર બનાવવામાં આવે તેવી રહીશોની માંગ ઉઠી છે.

## મહેસાણાના પરાના તળાવમાંથી લાશ મળી આવતાં ચકચાર

મહેસાણા

મહેસાણાના ધોબીઘાટ નજીક પરા વિસ્તારના તળાવમાં સાંજના સુમારે એક લાશ તરતી જોવા મળતાં લોકોએ પોલીસ અને ફાયર સ્ટેશને જાણ કર્યા બાદ લાશને બહાર કાઢવામાં આવી હતી. જેમાં મરણ જનાર બે દિવસથી ગુમ નાથાભાઈ પરમાર હોવાનું જાણવા મળેલ. તેઓ કોઈ અગમ્ય કારણસર બે દિવસથી ગુમ થયા હતા. જે બાબતે પોલીસે તપાસ ચલાવેલ છે.

## ચાણસ્મા કોગ્રેંસ સમિતિ દ્વારા ઘેર ઘેર પ્રચાર પત્રિકા આપવાની ઝુંબેશ શરૂ



ચાણસ્મા

ચાણસ્મા કોંગ્રેસ સમિતિ દ્વારા ગતરોજ ચાણસ્મા શહેરમાં ઘેર ઘેર ફરી મતદારોનો લોક સંપર્ક કરવામાં આવ્યો હતો. જેમાં ચાણસ્મા શહેરમાંથી વેપારી ગરીબ અને મધ્યમ વર્ગના તમામ જ્ઞાતીના મતદારો દ્વારા ભારે પ્રતિસાદ સાંપડયો હતો. આ પ્રચાર અભિયાનમાં તાલુકા અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં સંગઠનના હોદેદારો તેમજ કાર્યકરો જોડાયા હતા. આ પ્રસંગે પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું ગુજરાતમાં કોંગ્રસની સરકાર બનશે તો નવસર્જનનું સ્વપ્ન સાકાર કરી શિક્ષીત બે રોજગારોને રોજગારી આપવા, ખેડૂતોના દેવા માફ, સિંચાઈની પુરતી સગવડો, સસ્તી વીજળી, પોષણક્ષમભાવ, ડીઝલ, પેટ્રોલ અને વીજળીદરમાં ઘટાડો ઉપરાંત શિક્ષણનું વ્યાપારીકરણ બંધ કરી વિદ્યાર્થીઓને સસ્તુ ગુણવત્તાસભર શિક્ષણ પ્રત્યેક ઘરવિહોણી મહિલાને આગામી પાંચ વર્ષમાં 'ઘરનુંઘર' નવી સરકારી હોસ્પિટલો પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રનો વિકાસ કરી સંપૂર્ણ સ્વાસ્થયની સુવિધા આપવા ખાતરી આપી હતી.હવે મતદાન સુધી મત વિસ્તારમાં પ્રચાર અભિયાન પુરજોશમાં ચાલુ રાખી કોંગ્રેસના જવલંત વિજય માટે પ્રયાસ કરવા કાર્યકરોએ સૌને હાકલ કરી હતી.

## ઉનાવા માર્કેટયાર્ડમાં કાલા કપાસ (રૂ)ની આવકોનો પ્રારંભ

ઊંઝા

ઊંઝા નજીકના ઉનાવા માર્કેટયાર્ડમાં નિયંત્રિત જણસીઓ પૈકીની કાલા કપાસ (રૂ) ની નવી આવકો શરૂ છે. સિઝનના પ્રારંભે હાલ દરરોજ બારથી તેર ગાડી માલની આવક થાય છે. જે દિવસે દિવસે વધતી જશે.

ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના અધ્યક્ષ પ્રકાશભાઈ એસ.પટેલ, ઉપાધ્યક્ષ ચિરાગભાઈ પટેલ અને સેક્રેટરી રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ખરીદ મોસમના કપાસનો પાક તૈયાર થતાં ખેડુતો પોતાની ખેત પેદાશનો માલ જીનની ઉનાવા માર્કેટયાર્ડમાં વેચાણ માટે લાવી રહ્યા છે. શરૂઆતમાં નવા કાલા કપાસ (રૂ) ની આવકો ઓછી છે. પરંતુ આગામી દિવસોમાં આવક વધશે. માર્કેટયાર્ડમાં આધુનિક ઓટોમેટીક જીનની સગવડ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેથી ખેડુતોને એકંદરે ઉંચા ભાવ મળી રહ્યા છે.

હાલ ૮૭૫ થી ૯૬૦ રૂપિયા સુધીના ભાવ પડે છે. આ વર્ષે અતિવૃષ્ટિ થવાથી કપાસનું વાવેતર ઓછુ થતા ઉત્પાદનમાં કાપ મુકાશે. આથી ખેડુતવર્ગને યોગ્ય પોષણક્ષમ ભાવ મળી રહ્યા છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે, ઉનાવા માર્કેટયાર્ડમાં આધુનિક નવા શેડ બનાવીને ભાડે પાઘડી પટ્ટેથી વેપારીઓને આપેલ છે. મેઈન ગેટ પર સિક્યુરીટીની વ્યવસ્થા ઉભી કરાયેલ છે. આ ઉપરાંત યાર્ડને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરાયેલ છે. યાર્ડમાં દર વર્ષે ઉનાળામાં તમાકુની જંગી આવકો થાય છે. સાથે કપાસની પણ સારી આવક રહે છે. સને ૨૦૧૬ ના વર્ષ દરમિયાન ઉનાવા યાર્ડમાં ૪૭૧૦૭૧.૮૯ ક્વિન્ટલ માલની આવક થઈ હતી. જેની વેચાણ કિંમત રૂા. ૨,૩૧,૪૧,૧૦૨૬૮ થવા પામી હતી. બહારથી ખેત પેદાશોનું અત્રે યાર્ડમાં વેચાણ કરવા માટે આવતા ખેડુતો માટે સારી સગવડો ઉભી કરવામાં આવી છે.

## રાધનપુર કેળવણી મંડળના પ્રમુખને શ્રદ્ધાંજલિ અપાઈ

રાધનપુર

રાધનપુર કેળવણી મંડળના પ્રમુખ સ્વ.સુરેશભાઈ બાલચંદભાઈ વોરાને રાધનપુર કેળવણી મંડળ સંચાલિત શ્રી શેઠ કે.બી.હાઈસ્કૂલ અને શ્રી કે.આઈ.મોરખીયા પ્રાથમિક શાળા પરિવાર તરફથી અશ્રુભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી,માધ્યમિક વિભાગની બાળાઓની પ્રાર્થના બાદ ઉ.મા.વિભાગના નિરીક્ષક એન.એલ.ઓઝા,મા.વિભાગ ના નિરીક્ષક વી.કે.પરમાર તથા પ્રાથમિક શાળાના આચાર્ય વિજયભાઈ રાવલે સ્વ. સુરેશભાઈ બાલચંદભાઈ વોરાને યાદ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કાર્ય હતા,ત્યારબાદ રાધનપુર કેળવણી મંડળના સ્થાનિક સભ્ય હરેશભાઈ મસાલિયાએ સ્વ.સુરેશભાઈ વોરાની સરળતા,સહજતા અને કર્તવ્ય નિષ્ઠાને યાદ કરતા ગળગળા થઇ ગયા હતા, શાળાના આચાર્ય બી.ડી. ઝાલાએ શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું કે ન ભૂતો ન ભવિષ્યતિ આપણી સંસ્થાને આવા પ્રમુખ મળ્યા નથી અને હવે ક્યારેય મળશે પણ નહિ એમ કહીને મોજુદગીનુ મૂલ્ય સમજાવ્યું હતું.બાળકોની આંખો પણ ભીની થઇ ગયી હતી.

## જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ




સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જીલ્લા સમાહર્તા પી.સ્વરૂપની અધ્યક્ષતામાં મળી હતી.સંકલન સમિતિમાં જિલ્લામાં કુપોષણની સમસ્યા અને તેના નિવારણ અંગે જિલ્લા પોગ્રામ ઓફિસર ડૉ. પ્રકાશ મિસ્ત્રીએ રજૂઆત કરી હતી. જેમાં આગામી સમયમાં કુપોષણ નિવારણ અંગેનાસઘન કાર્યક્રમો જિલ્લાકક્ષાના અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે સૂચના આપી હતી. કલેકટર પી.સ્વરૂપે આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં તમામ નોડલ અધિકારીઓને સજ્જતા કેળવી નિષ્પક્ષ રીતે કામ કરવાની સલાહ આપી હતી.

બેઠકમાં સરકારી લેણાની વસૂલાત, ખાનગી એહવાલ, તેમજ પડતર અરજીનો નિકાલ કરવા કલેકટરપી.સ્વરૂપે જણાવ્યું હતું. બેઠકમાં અધિક કલેકટર વી.એલ.પટેલ સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## એકઝીટ પોલ અને ઓપીનીયન પોલની પ્રસિધ્ધિ ઉપર પ્રતિબંધ

હિંમતનગર

ભારતના ચૂંટણીપંચ ધ્વારા ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ અંતર્ગત સંવેક્ષણ (EXIT POLL) કરવા અને સર્વેક્ષણના પરિણામો પ્રસિધ્ધિકરવા ઉપર તા. ૯/૧૧/૨૦૧૭ (ગુરૂવાર) ના સવારના ૮-૦૦ વાગ્યાથી તા. ૧૪/૧૨/૨૦૧૭ (ગુરૂવાર) સાંજના ૬-૦૦ વાગ્યા દરમિયાન નકકી કરતું તથા મતદાન પુરૂં થવાના કલાક સાથે પુરા થતાં ૪૮ કલાકના સમયગાળા દરમિયાન મતદાન અંગેના અનુમાનો (OPINION POLL)સહિતની કોઇ પણ ચૂંટણી સંબંધી સામગ્રીની માધ્યમોમાં પ્રસિધ્ધિ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.જેની સંબંધીકર્તા તમામને નોંધ લેવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, સાબરકાંઠા-હિંમતનગર તરફથી જણાવાયું છે.